PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ જાન્યુઆરી - ૨૦૨૩, અંક નં. ૧૨૧ / ૪૮૭

પેજ નં. પાંચ ઉપર



કરમાયેલા કુમળા છોડને...

## અનેરી માવજતથી લીલાછમ બનાવતા મોટા બહેન

સ્વયંસિદ્ધા : જીજ્ઞાબેન સોલંકી

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 Jan.- 23 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24



અભિવાદન નવા ઈન્ચાર્જશ્રીનું



જન્મ દિવસની ઉજવણી

# બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર



"વિશ્વ વિકલાંગ દિવસ"



પિક્ચર '૮૩'



એક્સેલ એક્સપ્રેશન-૨૨



કૃત્રિમ હાથ-પગનો કેમ્પ



"મતદાન જાગૃતિ કાર્યક્રમ"

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર. . . . . . . . . . . ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . . . . . . . . . . . ૦૪
- સ્વયંસિદ્ધા : જીજ્ઞાબેન સોલંકી . . . . . . . . . . . . ૦૫
- સાફલ્ય ગાથા . . . . . . . . . . . . . . . . . . . . ૦૬
- વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી . . . . . . . . . . . . ૦૭
- Vision 2020 'The Right to Sight' કોન્ફરન્સ . . . . ૦૭
- સંસ્થાના કર્મચારી પ્રોત્સાહક પ્રવૃત્તિનો શુભારંભ . . . . ૦૭
- શેઠ શ્રી વી. સી. લોઢાવાળા હૉસ્પિટલ . . . . . . . . ૦૮
- પી. એન. આર. હૉસ્પિટલ . . . . . . . . . . . . . ૦૯
- પી.આર. વાધર આર્ટિફિશ્યલ લિમ્બ સેન્ટર . . . . . . ૦૯
- સેરિબ્રલ પાલ્સી બાળકોની વિશિષ્ટ શાળા . . . . . . . ૧૦
- નટરાજ સી.પી. હોસ્ટેલ . . . . . . . . . . . . . . ૧૧
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી મુંબઈનું સ્તુત્ય પગલુ . . . . . . . . . . . . . . . ૧૧
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ . . . . . . . ૧૨
- એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ . . . . . . . ૧૩
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . . . . . . . . . . . ૧૪
- ટિચર્સ ટ્રેનિંગ કોલેજ વિઝ્યુઅલી ઈમ્પાયર્ડ. . . . . . . ૧૫
- પ્રજ્ઞાચક્ષુઓ દેશ માટે ત્રીજો ટી-૨૦ વર્લ્ડકપ જીત્યા . . . ૧૫
- શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ) ૧૬
- શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા . . . . . . ૧૭
- શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા - મહેતા છાત્રાલય . ૧૮
- શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય. . . . . ૧૮
- શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ . . . . . . ૧૯
- કરોડરજ્જુની ખામી હશે તો હવે ઉમેદવાર દિવ્યાંગ ગણાશે. . . . . . . . . . . . . . ૧૯
- 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા . . . . . . . . ૨૦
- સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (એમ.આર) . . . . . . . . . ૨૦
- દિવ્યાંગોની સાફલ્ય ગાથાઓ . . . . . . . . . . . . ૨૧
- ડોનેશન લિસ્ટ. . . . . . . . . . . . . . . . . . . ૨૨
- પી.એન.આર. સોસાયટી તસ્વીર સમાચાર . . . . . . . ૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## ફરી કોરોના ભારતમાં... ?

હાલમાંજ ચાઈનામાં ઝડપથી ફેલાયેલા ઓમિક્રોનના નવા વેરિયન્ટે સમગ્ર વિશ્વમાં ચિંતાનું મોજું ફેલાવ્યું છે. દરરોજ ટીવી પર આવતા બિહામણાં દ્રશ્યો, કરોડોની સંખ્યામાં લોકો કોરોનાગ્રસ્ત, હોસ્પિટલ અને સ્મશાનમાં જગ્યાનો અભાવ, વિગેરે ચાઈનાની મુશ્કેલીઓ જોઈને થરથર કાંપી જવાય છે.

ચાઈનાની સાથે જ વિશ્વમાં અન્ય દેશો જાપાન, દક્ષિણ કોરિયા, ફ્રાંસ, જર્મની વિ. ના આંકડા ભાવિ મુશ્કેલીઓના સંકેતો આપે છે.

આવી પરિસ્થિતિ વચ્ચે ભારતની વાત કરીએ તો, આ ક્ષેત્રના નિષ્ણાંતો અહીં આવી કોઈ ભયંકર લહેર નહીં આવે, તેવો સાવચેતી ભર્યો સૂર કાઢે છે, જેના મુખ્ય કારણોમાં ૨૨૦ કરોડ ઉપરાંત રસીના દેવાયેલા ડોજ, હર્ડ ઈમ્યુનિટી વિગેરે છે. પરંતુ સાથે જ કોરોના સામે અગાઉ અપનાવેલા ઉપાય; માસ્ક, દો ગજકી દૂરી, સાબુથી હાથ ધોવા વિગેરેનું પાલન કરવા પણ જણાવ્યું છે.

આપણી સંસ્થાઓ જેને માટે કાર્ય કરી રહી છે, તે દિવ્યાંગોની વિવિધ કારણોથી ઈમ્યુનિટી નબળી હોય છે, ત્યારે વાલીઓ અને શિક્ષકો આ બાબતે વધારે જાગૃતિ દાખવે તે સૌના હિતમાં રહેશે. બાકી શરદી-ઉધરસની જેમ આ કોરોના સાથે જીવવાનું આપણે શીખી લેવું પડશે.

**કિરીટ રાઠોડ**

**'સૌને પોતાની સમસ્યા જ મોટી લાગતી હોય છે, હકીકત એ છે કે અન્યોની મુશ્કેલી આપણા કરતાં અનેકગણી મોટી હોઈ શકે.'**

**- રેવતી**

(દિવ્યાંગ મૂવી ''સલામવેન્કી'' ના નિર્દેશક તથા કલાકાર અભિનેત્રી)


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2022-24, Monthly
- **અંક નં. : ૧૨૧ / ૪૮૭**
  ૧૫ જાન્યુઆરી - ૨૦૨૩
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ,** ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE



✍ K. D. PADIA

### Nataraj C. P. School's Highlights

Orthopaedic and orthosis camps organized by the Nataraj Cerebral Palsy School with the assistance of ortho-experts from outstations had not only 33 beneficiaries but these camps sent positive signals among parents of children victims. The lady-in-chief Smt. Jignaben Solanki who heads the Nataraj C. P. School was interviewed by prestigious Gujarati Weekly Chitralekha where the former stressed the right treatment at right treatment and importance of the care. Celebration of World Disabled Day, participation of C. P. Children in local Math-Science Exhibition and all round activities of Resource Centers with success stories were other highlights of the school.

### KLID Arms Continue to Excel

Primary, Secondary and Higher Secondary Schools of the K. L. Institute for the Deaf besides Celebrating World Disabled Day in a characteric manner spread awareness of what specially educated deaf youth could achieve in life and live like ordinary citizen and earn respect in the society. KLID's Teachers' Training College and its faculties have special place in the education and skill development of the deaf as evident in its faculties sharing their expertise elsewhere in the country. Its third arm Artificial Limb Center didn't leg behind. It supplied 317 aid and appliances to 275 beneficiaries.

### Ankur School for MR Children Makes History

Bagging Professional Worker Award by its Assistant Teacher Shri Jaypalsinh Gohil, training to staff for extinguishing fire, Celebration of World Disabled Day & World MR Day, Visit of Sant Shri Moraribapu, Welcome and organising orientation programme for candidates admitted for B.Ed. Spl. Ed. (IDD) and educational visit of MR Children of the School to other institutions of the PNR Society have been highlights that found place in this issue.

### Other Activities

Celebration of National Child Day, Education of Nature, Workshop for Concentration, Celebration of National Consumer Day of High-Tech Inclusive School, Medical and Surgical services of PNR Hospital and Lodhawal Hospital; success stories of AT&T Technology Institute and other PNR-run Schools and activities under Disha-cum-Vikas Project and PNR Teachers' Training College for Visually Impaired are carried in this issue.

**મહુવા રિસોર્સ સેન્ટર**

### જન્મદિવસની અનોખી ઉજવણી : દિવ્યાંગ બાળકોને ધાબળા વિતરણ

તા. ૦૯ ડિસે.ʼ૨૨ ના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત, મહુવા રિસોર્સ સેન્ટર ખાતે શ્રી ગોદાવરીબેન વનમાળીભાઈ વરિયાએ તેમના જન્મદિવસ નિમિત્તે પી.એન.આર. સોસાયટીના મહુવા રિસોર્સ સેન્ટરના દિવ્યાંગ બાળકોને **ધાબળા વિતરણ** કરી અનોખી રીતે જન્મદિવસની ઉજવણી કરેલ અને સમાજમાં અનોખું ઉદાહરણ પૂરું પાડયું હતું. આ માટે સંસ્થા પરિવાર શ્રી ગોદાવરીબેન તથા તેમના પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરે છે તથા જન્મદિવસની ખૂબ-ખૂબ શુભેચ્છા પાઠવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા સેન્ટરના કેરગિવર્સ શ્રી સ્મિતાબેન ટાપણિયાએ જહેમત ઉઠાવી હતી.

કરમાયેલા ફૂમળા છોડને...

# અનેરી માવજતથી લીલાછમ બનાવતા મોટા બહેન

**સ્વયંસિદ્ધા : જીજ્ઞાબેન સોલંકી**

'કોઈ પણને આ કામ અઘરું જ લાગે અને અઘરું છે પણ ખરું... પરંતુ જ્યારે આવાં બાળકોને આગળ વધતા, કંઈ કરી બતાવતા જોઉં, એમના વાલીને પરમ સંતોષ સાથે પોતાના બાળકને લઈ જતા જોઉં ત્યારે જે આનંદ મળે છે એ ખૂબ ખૂબ મોટો છે. ઈશ્વર આવી તક બધાને નથી આપતો. આવો દિવ્યાંગ બાળકો સાથે કામ કરવાની મને તક મળી એ માટે હું એ પરમતત્વની આભારી છું.'

ન્યૂરોલોજીકલ ડિસઓર્ડર એટલે કે સેરેબ્રલ પાલ્સી, મંદબુધ્ધિ, લર્નિંગ ડિસઓર્ડર જેવી બીમારીથી ગ્રસ્ત બાળકો સાથે છેલ્લાં ૨૮ વર્ષથી કામ કરી રહેલાં **મોટા બહેન** તરીકે પ્રખ્યાત જીજ્ઞાબહેન સોલંકીના આ શબ્દો... જો કે 'પ્રિયદર્શિની' સાથે વાતચીત દરમિયાન એમના ચહેરા પરનો સંતોષ અને આંખમાં તરવરતી ભીનાશ, બોલાવેલા શબ્દો કરતા ઘણું કહી જાય છે. ભાવનગરની નટરાજ સી.પી. (સેરેબ્રલ પાલ્સી) સ્કૂલના ઈન્ચાર્જ આચાર્ય જીજ્ઞાબહેન મૂળ તો શિક્ષણનું જ કામ કરે છે, પરંતુ એમના વિદ્યાર્થીઓ વિશેષ છે અને એમની શીખવવાની પધ્ધતિ પણ વિશેષ છે. ગુજરાતમાં દિવ્યાંગો માટે એક છત્ર હેઠળ આઠથી વધુ સંસ્થા ચલાવતી ભાવનગરની પી. એન. આર. સોસાયટીના, માનસિક દિવ્યાંગ બાળકો માટેની પ્રવૃત્તિ સાથે જીજ્ઞાબહેન ૧૯૯૪થી જોડાયેલાં છે. આ ૨૮ વર્ષ દરમિયાન ૫૦૦૦થી વધુ માનસિક દિવ્યાંગ બાળકોના જીવન એમને ઉજાળ્યાં છે.મેન્ટલી ચેલેન્જ્ડ બાળકોની ઓળખ, નિદાન, સારવાર, વિશેષ શિક્ષણ તથા ક્ષમતા મુજબનું કૌશલ્ય શીખવવાનું કામ એમણે ૨૦ વર્ષની યુવાવયથી શરૂ કર્યું. એ કહે છે, 'શાળા અભ્યાસ દરમિયાન સ્કાઉટીંગ પ્રવૃત્તિમાં જોડાણ અને મારા પિતા અનંતભાઈની સામાજિક પ્રવૃત્તિ તથા દિવ્યાંગો માટેની સંવેદનાને કારણે હું સ્વાભાવિક રીતે જ આ સેવાકાર્ય તરફ વળી. એ સમયે પોલિયોના દર્દીઓ વિશેષ રહેતા અને એમને મદદરૂપ થવા સાથે, આ દિશામાં મારું પહેલું પગલું મંડાયું.' સમાજશાસ્ત્રમાં અનુસ્નાતક અભ્યાસ ઉપરાંત જીજ્ઞાબહેને તમિલનાડુની સ્પાસ્ટિક્સ સોસાયટીમાંથી સર્ટિફિકેટ ઈન સ્પેશિયલ એજ્યુકેશન (સીપી), પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ડેવલપમેન્ટ થેરાપી (સીપી અને ન્યૂરોલોજીકલ ડિસઓર્ડર), બી.એડ. ઈન સ્પે. એજ્યુકેશન (સીપી અને હલનચલનની ખામી)નો અભ્યાસ કર્યો. ઉલ્લેખનિય છે કે એ સમયે શારીરિક-માનસિક દિવ્યાંગ બાળકો માટે કામ કરનારા જીજ્ઞાબહેન ગુજરાતમાં સંભવતઃ એકમાત્ર મહિલા હતા. ૧૯૯૪માં પી.એન.આર. સોસાયટીમાં જોડાઈને એમણે ગુજરાતનું સૌ પ્રથમ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર ભાવનગરમાં સ્થાપ્યું. એ વખતે સમાજના નબળા વર્ગના સીપી પીડિત બાળકોને તાલીમ આપતી ગુજરાતમાં એક પણ શાળા ઉપલબ્ધ ન હતી. ૨૦૦૧માં ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતી ઈન્ટિગ્રેટેડ એજ્યુકેશન ફોર ડિસેબલ્ડ સ્કિમ હેઠળ, પ્રવાસી શિક્ષક તરીકે જોડાઈને ૧૦ વર્ષ સુધી ભાવનગર જિલ્લાની વિવિધ શાળામાં આવા બાળકોના વિશિષ્ટ શિક્ષણ અને તાલીમનું કામ પણ જીજ્ઞાબહેને કર્યું.આ ક્ષેત્રમાં આ બાળકોને યોગ્ય શિક્ષણ આપતા શિક્ષકોની સ્વાભાવિક જ ખેંચ હતી અને ૨૦૦૫માં પી.એન.આર. સોસાયટીએ આવા શિક્ષકો તૈયાર કરવાનો અભ્યાસક્રમ શરૂ કર્યો. આમાં કોર્સ કો-ઓર્ડિનેટર તથા વિવિધ તાલીમ કાર્યશાળાના માસ્ટર ટ્રેનર તરીકે જોડાઈને આજ સુધીમાં ૧૫૦થી વધુ સ્પેશિયલ એજ્યુકેટર-વિશિષ્ટ શિક્ષકો પણ જીજ્ઞાબહેને તૈયાર કર્યા છે. આવા ઘણા શિક્ષકો અત્યારે આ ક્ષેત્રે ગુજરાત જ નહીં. ગુજરાત બહાર પણ કામ કરી રહ્યાં છે.



**આજથી અઢી દાયકા કરતાંય વધુ સમય પહેલાં મનોવ્યાધિથી ગ્રસ્ત બાળકો માટે કામ કરવાની પહેલ કરનારા ભાવનગરના આ મહિલા આવા બાળકોના ઉછેર-તાલીમ માટે વાલી, તેમજ શિક્ષકોનેય સજ્જ કરી રહ્યાં છે.**

જો કે જીજ્ઞાબહેન માત્ર માનસિક દિવ્યાંગ બાળકો અને વિશિષ્ટ શિક્ષકો માટે જ કામ કરે છે એવું નથી. રાજ્યના પ્રાથમિક આરોગ્ય અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના તબીબી કર્મચારીઓને પણ આવા બાળકોને સારવાર અને નિદાન માટે એ તાલીમ આપે છે. આ ઉપરાંત, નેશનલ ટ્રસ્ટના નેજા હેઠળ સંસ્થામાં વિશેષ દેખરેખની જરૂર હોય એવા બાળકો માટેના કેરગિવર્સ એટલે કે સાર-સંભાળ લેનારા લોકો માટેનો કોર્સ શરૂ થયો, એમાં જીજ્ઞાબહેને ૨૦૦ જણને તાલીમ આપી. એવા અનેક લોકો એમની તાલીમ મેળવીને પગભર થયા. એટલું જ નહીં, વિવિધ ક્ષેત્રમાં નામના પણ મેળવી ચૂકયા છે. કોઈ વિદ્યાર્થી ખાનગી કંપનીઓમાં નોકરી કરી રહયાં છે, તો કોઈ સ્વરોજગાર સાથે પોતાનું અને પોતાના પરિવારનું ભરણપોષણ કરી રહયાં છે. એમના એક વિદ્યાર્થીએ તો મનોવિજ્ઞાન વિષય સાથે પીએચ.ડી. ડિગ્રી મેળવી છે!

વર્ષ ૨૦૧૫-૧૬ માં કોલકત્તાના મનોવિજ્ઞાન કેન્દ્ર દ્વારા એનાયત થતો રાષ્ટ્રિય સ્તરનો **લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ** તથા ૨૦૨૨માં અર્લી ચાઈલ્ડ્ર એસોસિએશન તથા એસોસિએશન ઓફ પ્રાઈમરી એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ દ્વારા **શ્રેષ્ઠ શિક્ષક**નો એવોર્ડ મેળવનારા જીજ્ઞાબહેન કહે છે. 'યોગ્ય સમયે નિદાન બાદ તાલીમ મેળવી બાળક પગભર બને, એ મારા એવોર્ડથી પણ વિશેષ છે. માનસિક દિવ્યાંગતા એ મોટા ભાગે જિનેટિક ડિસઓર્ડરને કારણે આવતી ખામી છે. જો જન્મ સમયે નિદાન થઈ જાય, યોગ્ય સારવાર તથા તાલીમ મળે તો કેટલાક કિસ્સામાં બાળકના જીવનમાંથી લાચારીની કાળી ટીલી ભૂંસી શકાય છે.' જીજ્ઞાબહેન ઉમેરે છે કે આ સમસ્યા ખૂબ ગંભીર છે, પરંતુ માતા-પિતા હજી પણ એને ગંભીરતાથી લેતાં નથી એ કમનસીબી છે. સેરેબ્રલ પાલ્સી (સીપી) કે અન્ય માનસિક બીમારીથી ગ્રસ્ત બાળકને તાલીમ અને સારવાર આપવામાં લોકો સંકોચ અનુભવે છે. કહેતા દુઃખ થાય, પરંતુ અનેક કિસ્સામાં માતા-પિતા આવા સંતાનનો ભાર અનુભવતાં હોય છે. ખાસ કરીને દીકરીને સારવાર અપાવવામાં પણ મા-બાપ આગળ આવતા નથી.

બાળક માનસિક દિવ્યાંગતાનો શિકાર ન બને એ માટે જાગરૂકતા જરૂરી છે. આપણામાં કહેવત છે ને, પાણી પહેલાં પાળ બાંધવી તેમ નજીકના સગામાં લગ્ન ન કરવા, સર્ગભાનું યોગ્ય રસીકરણ, નિયમિત અંતરે નિષ્ણાતો દ્વારા બાળકની તપાસ અને જરૂર જણાય તો તરત તબીબોનો કે આવી સંસ્થાનો સંપર્ક કરવો જોઈએ. અને આવા કેટલાંક સાવચેતીના પગલાં લેવા જોઈએ.

**માનસિક દિવ્યાંગતા એ મોટા ભાગે જિનેટિક ડિસઓર્ડરને કારણે આવતી ખામી છે. જન્મ સમયે નિદાન થઈ જાય, યોગ્ય સારવાર તથા તાલીમ મળે તો કેટલાક કિસ્સામાં બાળકના જીવનમાંથી લાચારી દૂર કરી શકાય છે.**

અત્યારે આ સંસ્થામાં નવજાત શિશુથી માંડીને ૧૮ વર્ષની વયના આવા બાળકોને જીજ્ઞાબહેન અને એમના હાથ નીચે જ તૈયાર થયેલા વિશિષ્ટ શિક્ષકો દ્વારા સારવાર અને તાલીમ આપવામાં આવી રહી છે. મનોરુગણના નિષ્ણાતોના જણાવ્યા મુજબ સીપી સહિતની જિનેટિક બીમારીનો કોઈ કાયમી ઈલાજ નથી. હા, આવા બાળકોને શિક્ષણ અને તાલીમ દ્વારા મદદરૂપ થઈ શકાય, જેના માટે જાગૃતિ જરૂરી છે. આવા બાળકોના વાલીને તાલીમ આપવાનું કાર્ય જીજ્ઞાબહેન કરી રહ્યાં છે. આને કારણે આ બાળકોનો ઉછેર સહજ બને છે. જો કે આ ખૂબ ધીરજ માગી લેતું કામ છે. જીજ્ઞાબહેન કહે છે કે ઈશ્વરે આપણી કસોટી કરવા મોકલેલાં આવા બાળકોની કાળજી લેવી, એમને તાલીમ આપવી એ ઈશ્વરની આરાધનાથી કમ નથી, એ ઉમેરે છે, 'હું જે કંઈ કરી રહી છું એનું ઈશ્વર ફળ આપવા ઈચ્છે, તો કહીશ કે સમાજ આવા બાળકોની સ્વીકાર કરી એમની કાળજી લે, એવી સદ્‌બુધ્ધિ સૌને પ્રાપ્ત થાય.'

**- સૌ. ચિત્રલેખા, 'પ્રિયદર્શિનિ'માંથી સાભાર**

## સાફલ્ય ગાથા

**બાળકનું નામ :** પ્રિયાંશુ ભાદાણી, ઉં. ૧૧ વર્ષ

**વિકલાંગતાનો પ્રકાર :** ડાઈપ્લેજીક સેરેબ્રલ પાલ્સી

નટરાજ સી.પી. સ્કૂલમાં ધો. ૧ માં જૂન-'૨૨ માં પ્રવેશ સમયે સ્વતંત્ર રીતે બેસી કે ચાલી શકતો ન હતો. કસરત વિભાગમાં નિયમિત જોડાતા સ્વતંત્ર રીતે બેસી શકે છે. પરંતુ પગના સ્નાયુઓની અક્કડતા અને કમરના સ્નાયુઓમાં નબળાઈના કારણે સ્વતંત્ર રીતે ચાલી શકતો નથી. જેના માટે પિડિયાટ્રિક ઓર્થોપેડિક સર્જરી કરાવ્યા પછી, ૩ માસની સતત કસરત અને સારવાર પછી જોવા મળેલ સુધારો નીચે મુજબ છે.

- **કસરત કરાવ્યાં પહેલાં :** વ્હીલચેર આધારિત
- **કસરત કરાવ્યાં પછી :** તેના પગના પટ્ટાની મદદથી અને સ્નાયુઓમાં તાકાત આવી જવાથી તે ટેકા સાથે ઉભો રહી શકે છે. ગેઈટ ટ્રેનિંગની મદદથી ઉભો રહી શકે છે.
- **બાળકને અપાયેલ ટ્રીટમેન્ટ :**

૧. સ્ટ્રેચીંગ, કાલ્ફ અને એબ્ડકટરસ મસલ્સ
૨. મેટ્રિક્સ થેરાપી
૩. એકિટવ આસિસ્ટેક રેન્જ ઓફ મોશન એકસસાઈઝ લોવર લીંબની.
૪. એબ્ડોમિનલ સ્ટ્રેંપનીંગ
૫. ક્લોસ કાઈનેમેટિક્સ
૬. ટેકા સાથે ઉભા રહેવાની કસરત


ડૉ. ચાર્મીબેન રાઠોડ



# વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી

તા. ૦૩ ડિસે.'૨૨ ના રોજ **વિશ્વ દિવ્યાંગ દિવસ** નિમિત્તે PNR સોસાયટીની નટરાજ સી.પી. સ્કૂલના વિવિધ પ્રોજેક્ટ દ્વારા નારી રોડ ખાતે **રીજીયોનલ સાયન્સ સેન્ટર**ની ૩૫ બાળકો અને માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ અને સ્ટાફ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. જેમાં મરીન એક્ટિવિટી ગેલેરી, ઓટોમોબાઈલ ગેલેરી, VR કેમેરા દ્વારા જળસૃષ્ટિની સફર, ઈલેક્ટ્રિકલ અને બાયોલોજીકલ ગેલેરીનું નિદર્શન કરીને, અનુભવ પ્રાપ્ત કરેલ. શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા બધા જ બાળકો તથા સ્ટાફ માટે નાસ્તાની વ્યવસ્થા કરાયેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ખેવનાબેન ઓઝા, શ્રી વરૂણભાઈ વ્યાસ અને અન્ય સ્ટાફે જહેમત ઉઠાવેલ.

જેમાં રીજીયોનલ સાયન્સ સેન્ટરના HOD ડૉ. શ્રી ગિરીશભાઈ ગોસ્વામી અને શ્રી હર્ષદભાઈ જોષી અને અન્ય સ્ટાફે સહયોગ પૂરો પાડેલ. શ્રી ગિરીશભાઈ ગોસ્વામી દ્વારા તમામ બાળકોએ પેન્સિલ, રબ્બરની શુભેચ્છા ભેટ આપવામાં આવેલ.





# Vision 2020 'The Right to Sight' કોન્ફરન્સ

તા. ૨૪ ડિસેમ્બરે **Vision 2020** અંતર્ગત **'The Right to Sight'** દ્વારા અમદાવાદ ખાતે નેશનલ કોન્ફરન્સ યોજાઈ હતી. ભાવનગરની PNR હોસ્પિટલના પ્રતિનિધિ તરીકે શ્રી ચેતનભાઈ રાણા તથા શ્રી યશભાઈ મહેતાએ ભાગ લીધો હતો. સંલગ્નિત સંસ્થા શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલના પ્રતિનિધિએ પણ ભાગ લીધો હતો. આ કોન્ફરન્સમાં BPA ના ડાયરેકટર શ્રી નંદિનીબેન રાવળે ખાસ માર્ગદર્શન આપેલ.



# સંસ્થાના કર્મચારી પ્રોત્સાહક પ્રવૃત્તિનો શુભારંભ

PNR હોસ્પિટલ, વિદ્યાનગર, ભાવનગરમાં તા. ૧૩ ડિસે.'૨૨ના રોજ હોસ્પિટલના ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયાએ, સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈને સંસ્થાના કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા કોર્પસ ફંડ માટે પોતાના તરફથી રૂા. એક લાખનો ચેક સર્વશ્રી ગિરીશભાઈ શાહ, પારસભાઈ શાહ, હર્ષકાંતભાઈ રાખશિયા, અશ્વિનભાઈ પંડયાની ઉપસ્થિતિમાં અર્પણ કરેલ.

સંસ્થાના બધાંજ વિભાગોમાંથી શ્રેષ્ઠ કામગિરી કરનાર બે કર્મચારીને દર વર્ષે સ્મૃતિ ચિન્હ અને રોકડ પુરસ્કાર અપાશે. જેમાં પ્રથમ એવોર્ડનું નામ **શ્રીમતી રેખાબેન જકડિયા એવોર્ડ** રહેશે, જેમાં સ્મૃતિ ચિન્હ અને રૂા. ૨૦૦૦/- નો પુરસ્કાર (હોસ્પિટલ કર્મચારી માટે) આપવામાં આવશે. બીજા એવોર્ડનું નામ **શ્રી કેતનભાઈ શાહ એવોર્ડ** રહેશે. જેમાં સ્મૃતિ ચિન્હ અને રૂા. ૨૦૦૦/- નો પુરસ્કાર (PNR કર્મચારી) ને આપવામાં આવશે.

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ તથા શ્રી પ્રતાપભાઈ શામજીભાઈ પારેખ પોલિક્લિનિક



રાજેશભાઈ હકાણી

## નિઃશુલ્ક કેમ્પ માટે ઉદાર સખાવત :

સંસ્થાના પ્રમુખ શ્રી શશીકાંતભાઈ રતીલાલ વાઘર તરફથી ગરીબ જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે પાંચ નિઃશુલ્ક કેમ્પ કરવા માટે એક કેમ્પ દીઠ પાંચ હજાર લેખે રૂા. ૨૫,૦૦૦/- હજાર પૂરા સંસ્થાને દાન આપવામાં આવેલ છે. હોસ્પિટલ તરફથી થનાર સામાજિક સેવા અંતર્ગત આંખ વિભાગ, કાન-નાક-ગળા, દાંત વિભાગ તથા સ્ત્રી રોગ તથા અન્ય જનરલ પ્રેક્ટિશનર સામાન્ય રોગો વિગેરેના માટે નિઃશુલ્ક કેમ્પ કરવા માટે અપાયેલ દાન માટે સંસ્થા ઋણ સ્વીકારી, તેમનો આભાર વ્યકત કરે છે.

**તા. ૩૦-૧૧-૨૨ ના રોજ રાહતદરે નીચે મુજબના કેમ્પ રાખવામાં આવેલ હતાં. જેનો વિગતવાર અહેવાલ નીચે મુજબ છે.**

### ૧. કાન-નાક-ગળાના રોગ માટેનો કેમ્પ :

કાન-નાક-ગળાના રોગો જેવા કે કાનના પડદાની તકલીફ, કાનના સડાની સમસ્યા, કાનમાં ફુગ, સાંભળવામાં તકલીફ, વગેરે માટે ડૉ. શિખાબેન સચદેવ (MBBS, DLO ગોલ્ડ મેડાલિસ્ટ) પાંચ વર્ષનો સરકારી હોસ્પિટલનો બહોળો અનુભવ ધરાવતા તબીબે સવારે ૧૦થી ૧ અને સાંજના ૪ થી ૬ દરમ્યાન સેવા આપેલ.

### ૨. સગર્ભા બહેનો માટે સ્ત્રી રોગ માટેનો કેમ્પ :

સર્ગભા બહેનો માટે સ્ત્રી રોગ અંતર્ગત, અનિયમિત માસિક, ગર્ભાશયના રોગો, નસબંધી માટે માર્ગદર્શન વગેરે, ગાયનેકને લગતી સમસ્યાનું નિદાન કરવા માટે આ કેમ્પ રાખવામાં આવેલ. જેમાં ડૉ. હિતેશભાઈ ચૌહાણ(MBBS, DLO) બપોરે ૧ થી ૨ અને ડૉ. ચિરાગભાઈ પટેલ (MBBS, DLO) ૪ થી ૬ સેવા આપેલ.

### ૩. તાવ, શરદી, ઉધરસના દર્દીઓ માટે કેમ્પ :

તાવ, શરદી, ઉધરસ, વા, સાંધાનો દુખાવો તથા વાળ ખરવા, કમરનો દુખાવો, સફેદ ડાઘ, મેલેરીયા, થાઈરોઈડ, ડાયાબિટીસ, અસ્થમા વિ. સામાન્ય રોગોની તપાસ વગેરે માટે આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડૉ. મુકુંદભાઈ પંડયા (BAMS) એ સવારે ૧૦ થી ૧ સેવા આપેલ.

### ૪. બાળકોના રોગો માટેનો કેમ્પ :

બાળકોને થતા તાવ, શરદી, ઉધરસ, ઝાડા-ઉલટી, કમળો, થાક લાગવો, સસણી, બાળક ચિડચિડીયું થઈ જવું તથા વેક્સિનેશન માટે માર્ગદર્શન આપવા માટેનો કેમ્પ રાખવામાં આવેલ. જેમાં ડૉ. હિનલબેન ગુજરાતી (MBBS, D.Ped.) દ્વારા સેવા આપવામાં આવેલ.

### ૫. ઘુંટણના દુખાવા માટે ફિઝિયોથેરાપી કેમ્પ :

ઘુંટણનો ઘસારો, ઢાંકણીનો ઘસારો, સાંધાનો જકડન, ઘુંટણની ગાદી ખસી જવી, સોજો, ચાલવામાં તકલીફ થવી, ઘુંટણના સાંધાના થયેલ ઓપરેશન માટે ફિઝીયોથેરાપી સારવાર તથા યોગા, ડાયેટ, વગેરે માર્ગદર્શન માટે આ કેમ્પ રાખવામાં આવેલ. જેમાં ડૉ. પ્રિયાંશીબેન પરમાર (BPT) સવારે ૯ થી ૧૧ તથા ડૉ. ધ્રુવીકાબેન ભટ્ટી (BPT) એ સાંજના ૪ થી ૭ સેવા આપેલ. આ સંસ્થા દ્વારા સામાન્ય વ્યક્તિઓને ઓછા ખર્ચે બહેતર સારવાર મળી રહે તે માટે સતત પ્રયત્નો કરીને માનવ જીવનના સારા સ્વાસ્થ્ય માટે પ્રયત્ન કરવામાં આવે છે.

**દર્દી દેવો ભવ** ના સૂત્રને સાર્થક કરવાના તમામ પ્રયત્નો કરવામાં આવે છે.







# પી. એન. આર. હૉસ્પિટલ



✍ **મહાસુખભાઈ જકડિયા**

**નવેમ્બર-'૨૨ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૧૪૦ | ૧૦ |
| આંખ | ૮૬૦ | ૩૦૮ |
| આંખની છારી | ૪૨ | - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૩૬૫ | ૦૪ |
| માઈનર પ્રોસિઝર | ૧૪૫ | - |
| ઓર્થોસ્કોપી | ૪૬ | - |
| ઓર્થોડેન્ટલ | ૧૯૯ | ૨૧૭ (ટ્રિટમેન્ટ) |
| જનરલ ઓપીડી | ૮૪૩ | - |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| એક્ષ-રે | ૮૦ | - |
| લેબોરેટરી | ૪૯૩ | ૧,૭૭૭ (ટેસ્ટ) |
| ચામડી | ૩૮ | - |
| પેડિયાટ્રિક ડેન્ટલ | ૧૩ | ૦૧ |
| આંખના પડદા | ૧૭ | - |
| **પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| પ્લાસ્ટિક સર્જરી | ૩૦ | ૦૧ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૫ | ૧૦ |
| રૂબેલા વેકિસન | ૦૫ | - |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૧૦૬** લાભાર્થીઓએ **રૂા. ૧૩,૯૧૫/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૧૨** દર્દીઓએ **રૂા. ૧૦,૮૭૦/-** ની સહાય મેળવેલ છે.



# શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



✍ **વિપુલ જેઠવા**





❋ માહે નવેમ્બર માસમાં લોકલ લેવલે કુલ ૨૭૫ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ. જેમાંથી આશરે ૩૧૭ જેટલા લાભાર્થીઓને જુદા જુદા સાધનો જેવા કે, આખા પગ-૩, અડધા પગ-૧૨, અડધો હાથ-૧, ની-બ્રેસ-૨૯૩, હેન્ડ સ્પીલન્ટ-૬, સ્પાઈનલ ઓર્થોસિસ-૧૧, કેલિપર-૬, એ.એફ.ઓ.-૧૩ પ્લાસ્ટિક ઓર્થોસિસ-૧૨, ઓર્થોશુઝ-૧ જોડી તથા ૫૯ જુદા જુદા સાધનો જેવા કે, વાલગસ પેડ, એલ.એસ. બેલ્ટ, રીપેરિંગ કામ વિગેરે પૂરાં પાડવામાં આવેલ હતાં. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ફક્ત ટોકન પેમેન્ટથી પૂરૂં પાડવામાં આવેલ.

❋ લોકલ લેવલે માહે નવેમ્બર'૨૨ માં સંસ્થામાં ગત માસે કૃત્રિમ હાથ-પગનો કેમ્પ ડૉ. નાયક દ્વારા જગદલપુર (છત્તીસગઢ) મુકામે યોજાયેલ. જેમાં ૯૧ લાભાર્થીઓને ૪૭ આખા પગ અને ૪૮ અડધા પગ પૂરાં પાડવામાં આવેલ.

❋ સંસ્થાના સિનિયર ડૉ. નાયક તથા હાલના પી. એન્ડ ઓ. શ્રી વિપુલભાઈ દ્વારા માહે નવેમ્બર માસમાં યવતમાલ, મુંબઈ, પુના, હૈદ્રાબાદ, બેંગ્લોર, શિમોગા, શીરસી તથા ધનસુરા મુકામે ની-બ્રેસ કેમ્પ યોજાયેલ. જેમાં કુલ ૧,૧૦૬ જેટલી ની-બ્રેસ બનાવેલ.



# મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા



✍ વિભૂતિ વ્યાસ

## નવા સત્રની વાલી મીટિંગ :

તા. ૧૭ નવે.`૨૨ ના રોજ **નવા સત્રની વાલી મીટિંગ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં સત્રમાં થયેલ નવા શૈક્ષણિક આયોજનો, કેમ્પ, કાર્યક્રમો, શૈક્ષણિક પ્રવાસ વિશેની વિસ્તારથી માહિતી આપવામાં આવેલ. શાળાના સ્પિચથેરાપીસ્ટ ડૉ. અંબર ગુપ્તા અને ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. ચાર્મીબેન દ્વારા પ્રેઝન્ટેશન આપવામાં આવેલ અને વાલીઓને માર્ગદર્શન આપેલ. વાલી મીટિંગનું આયોજન શાળાના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવેલ.

## જન્મદિવસની ઉજવણી :

તા. ૨૫ નવે.`૨૨ ના રોજ શુભેચ્છક શ્રી રોશનીબેન કિશોરભાઈ વેગડના જન્મદિવસની કેક કાપી ઉજવણી કરવામાં આવી. શ્રી રોશનીબેન દ્વારા બાળકોને કેક, વેફર્સ અને ચોકલેટનું વિતરણ કરવામાં આવેલ અને બાળકોએ શુભેચ્છાઓ પાઠવેલ.

## વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી :

**૧.** તા. ૩ ડિસે.`૨૨ ના રોજ 'વિશ્વ વિકલાંગ દિવસ' ની ઉજવણી કરવામાં આવેલ. જે અંતર્ગત વિવિધ જ્ઞાન સભર અને કૌશલ્ય વર્ધક રમતોનું આયોજન કરવામાં આવેલ જેમ કે, પાસીંગ ધ બોલ, વિવિધ એક મિનિટ ગેમ્સ, ચિત્ર સ્પર્ધા, ક્વિઝ કોન્ટેસ્ટ અને થેરાપિસ્ટ ટીમ દ્વારા હર્ડલ ગેમ્સનું આયોજન કરવામાં આવેલ.

**૨.** તા. ૩ ડિસે.`૨૨ ના રોજ વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણીના ભાગરૂપે ડૉ. આઈ બી. સરધારવાલા સ્પિચ એન્ડ ઓડિયોલોજી કિલનિક અંતર્ગત સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહના હસ્તે ૧૦ બાળકોને હિયરીંગ એઈડનું વિતરણ કરવામાં આવેલ.

## ઓર્થોપેડિક સર્જીકલ અને ઓર્થોસીસ કેમ્પ :

તા. ૮-૯ ડિસે.`૨૨ ના રોજ પી.એન.આર. હોસ્પિટલ ખાતે **ઓર્થોપેડિક એસેસમેન્ટ અને સર્જીકલ કેમ્પ તથા ઓર્થોસીસ કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં ઓર્થોપેડિક એસેસમેન્ટ અને સર્જીકલ કેમ્પમાં **કુલ-૩૩** લાભાર્થીઓ હતાં. જેમાં ૨ બાળકોને ઓપરેશન માટે પસંદ કરવામાં આવ્યા. આ ઓપરેશન ડૉ. આસિમા સાહિત્ય (પીડિયાટ્રિક ઓર્થોપેડિક સર્જન, સુરત) દ્વારા કરવામાં આવેલ. અને ઓર્થોસીસ કેમ્પ માટે ડૉ. મયુર ચુડાસમા (ઓર્થોસીસ એન્ડ પ્રોસ્થેટિક) દ્વારા **૧૦** લાભાર્થીઓના સ્પ્લિન્ટના માપ લેવામાં આવ્યાં. આ કેમ્પને સફળ બનાવવા આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીના



માર્ગદર્શન હેઠળ શાળાના ફિઝીયોથેરાપિસ્ટ ડૉ. ચાર્મીબેન રાઠોડ, ડૉ. એશાબેન ભટ્ટ દ્વારા કામગીરી કરાયેલ.

## ગણિત વિજ્ઞાન પ્રદર્શન :

તા. ૧૩ ડિસે.`૨૨ ના રોજ મ્યુ. કોર્પોરેશનની શાળા નં. ૯૦ માં યોજાયેલ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં શ્રી ખેવનાબેન ઓઝા તથા



દિપ્તીબેન રાજયગુરૂએ શાળાના વિદ્યાર્થીઓ સાથે ભાગ લીધેલ. તથા સી.પી. વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો દ્વારા બનાવેલ ગણિત વિજ્ઞાનના ઈન્કલુસિવ TLM, પણ સંસ્થા પરિવાર વતી પ્રદર્શિત કર્યાં.



# નટરાજ
# સી.પી. હોસ્ટેલ



✍ લાલજીભાઈ પંડયા



❋ સી.પી. હોસ્ટેલના બાળકો તા. ૧-૧૦ ના રોજ **નવરાત્રિ મહોત્સવ**ની ઉજવણી કરી, તમામ બાળકોએ ઉમંગભેર રાસ-ગરબા લીધા તથા અલ્પાહાર અને કોલ્ડ્રિંક્સનો આનંદ લીધો.

❋ ફાતિમા કોન્વેન્ટ સ્કૂલ દ્વારા, હોસ્ટેલના બાળકો સાથે તા. ૧૪-૧૨ ના રોજ **બાલ દિવસ**ની ઉજવણી કરી તથા બાળકોને અલ્પાહાર કરાવેલ.

❋ દશેરા પર્વ નિમિત્તે હોસ્ટેલના બાળકોને ચોળાફળી તથા જલેબીનો નાસ્તો કરાવેલ.

❋ તા. ૯-૧૦ ના રોજ શરદપૂર્ણિમાના દિવસ નિમિત્તે હોસ્ટેલના બાળકોને ઉધીંયુ-પુરી જમાડવામાં આવેલ.

## હોસ્ટેલના બાળકોને ભોજન - નાસ્તો

❋ શ્રી ધરમભાઈ રાઈમુગીયાના જન્મદિવસે તા. ૦૬-૦૯ ના રોજ તેમની હાજરીમાં બાળકોને કેક, ચોકલેટ આપી ઉજવણી કરેલ તથા હોસ્ટેલના બાળકોને સાંજનું ભોજન કરાવેલ.

❋ સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડના નાનાભાઈ સ્વ. રમેશભાઈ રાઠોડની ઉત્તરક્રિયા નિમિત્તે તા. ૦૬-૦૯ ના રોજ સી.પી. સ્કૂલ તથા હોસ્ટેલના બાળકોને ભોજન કરાવેલ.

❋ શ્રી કમળાબેન ચક્રવર્તીના જન્મદિવસ નિમિત્તે તા. ૦૯-૦૯ ના રોજ હોસ્ટેલના બાળકોને સાંજનું ભોજન કરાવેલ.

❋ શ્રી હરપાલસિંહના જન્મદિવસ નિમિત્તે તા. ૨-૧૦ ના રોજ હોસ્ટેલના બાળકોને સાંજનું ભોજન કરાવેલ.

❋ તા. ૩-૧૨ ના રોજ શ્રી હાર્દિકભાઈના જન્મદિવસ નિમિત્તે હોસ્ટેલના બાળકોને સાંજનું ભોજન કરાવેલ તથા કેક કાપીને જન્મદિવસની ઉજવણી કરાવામાં આવેલ.

❋ તા. ૪-૧૨ ના રોજ પી.એન.આર. હોસ્પિટલમાં મુંબઈથી આવતા ડૉ. જનકભાઈ શાહ (આંખના સર્જન) તરફથી બાળકોને સવારે નાસ્તો કરાવેલ.

❋ તા. ૫-૧૨ ના રોજ સંસ્થાના ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયાના ધર્મપત્નિ સ્વ. રેખાબેન રાખશિયાની ૮મી પૂણ્યતિથિ નિમિત્તે સી.પી. સ્કૂલ તથા હોસ્ટેલના બાળકોને પફનો નાસ્તો કરાવવામાં આવેલ.

## ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી મુંબઈનું સ્તુત્ય પગલુ

સંમલિત શિક્ષણને મજબુત બનાવતા મુંબઈની ખ્યાતનામ ઈન્ડિયન ઈસ્ટિટયુટે પોતાના વિદ્યાર્થીઓ કે જે દિવ્યાંગ છે તેમની મદદ માટે એક સેલ (સમિતિ) ઉભું કરેલ છે, જે દિવ્યાંગ વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓનું સંકલન કરી તેમનું સમાધાન કરશે.


આ સમિતિમાં ૭ સભ્યો હશે, જેમાં ૪ પ્રોફેસરો અને ૩ વિદ્યાર્થીઓ હશે. વિદ્યાર્થીઓની મુદ્દત સમિતિમાં એક વર્ષ રહેશે. જયારે પ્રોફેસરોની ત્રણ વર્ષની રહેશે. આ સમિતિ એક માર્ગદર્શિકા, વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે તૈયાર કરશે, જેમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને જે કંઈ શિક્ષણ અપાય, તેને તેઓ બીજા વિદ્યાર્થીઓની જેમ સરળતાથી લઈ શકે.

આ એક વિશિષ્ટ પ્રયાસને સંસ્થાના શાસન અને વિદ્યાર્થીઓએ બહુજ પ્રેમથી લીધેલ હોય, જે બીજી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે પ્રેરક ઉદાહરણ આપી જાય છે. ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી મુંબઈને અભિનંદન સાથે શુભેચ્છા.

**સૌ. : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા**




# કે. એન. શાહ
# 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



✍ ધીરુભાઈ ધંધુકિયા

## રાષ્ટ્રિય બાળ દિનની ઉજવણી

શાળામાં તા. ૧૪ નવે.'૨૨ ના રોજ **રાષ્ટ્રિય બાળદિન**ની ઉજવણી કરવામાં આવેલ. બાળ દિન નિમિત્તે શૈશવ સંસ્થાના શ્રી મીરાબેન અને શ્રી કૌશલભાઈ તથા તેમની ટીમના સભ્યોએ ઉપસ્થિત રહીને બાળ અધિકાર, સલામતી, આરોગ્ય, જીવન જીવવાનો, શિક્ષણ મળવાનો, શોષણ સામે રક્ષણનો અધિકાર જેવી બાબતોની માહિતી બાળકોને આપી. સાથો-સાથ ટેકનોલોજીના યુગમાં મોબાઈલ ફોન, ટેબલેટ, લેપટોપ જેવા ઉપકરણોનો વધારે પડતો ઉપયોગથી થતું નુકશાન અને તેનાથી ઉત્પન્ન થતી સમસ્યાનું નાટક, બાળકો સમક્ષ રજૂ કરવામાં આવેલ. નાટકના અંતે બાળકોને પ્રશ્નોત્તરી કરી તેના મનમાં રહેલ વિચાર જણાવાનો પ્રયાસ કરવામાં આવેલ. ઈમરજન્સી, રેલ્વે સુરક્ષા વગેરે માહિતી આપવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા તથા શ્રી દક્ષાબેન પંડયા દ્વારા કરવામાં આવેલ.

## ફલેમિંગો ઈકો કલબ અંતર્ગત પ્રકૃતિ શિક્ષણ

શાળામાં તા. ૧૯ નવે.'૨૨ ના રોજ **ફલેમિંગો ઈકો કલબ** અંતર્ગત પ્રકૃતિ શિક્ષણ માટે ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને બોરતળાવની કૈલાસ વાટિકામાં લઈ જવામાં આવેલ. ત્યાં બાળકોએ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સફાઈ કરેલ, તેમજ ગિર ફાઉન્ડેશન દ્વારા **પ્રકૃતિ શિક્ષણ સપ્તાહ**ની ઉજવણીના ભાગરૂપે વૃક્ષોની અને તેનાથી થતાં ફાયદા અને ઉપયોગિતા વિશેની માહિતી, ઈકો કલબના મેમ્બર શ્રી દક્ષાબેન પંડયા દ્વારા આપવામાં આવેલ. ત્યારબાદ બધા વિદ્યાર્થીઓને નાસ્તો કરીને જુદી-જુદી રમતો ક્રિકેટ, ફૂટબોલ, દોરડા કૂદ રમાડવામાં આવેલ, તેમજ બાળકોએ કુદરતી સૌંદર્યનો ભરપૂર લહાવો લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા તથા શ્રી દક્ષાબેન પંડયા દ્વારા કરવામાં આવેલ, તેમજ શ્રી આરતીબેન પરમાર, શ્રી ધારાબેન પંડયા અને શ્રી ઉપાસનાબેન ત્રિવેદીએ જહેમત ઉઠાવેલ.

## ધ્યાન-યોગ શિબિર

શાળામાં તા. ૨૧ ડિસે.'૨૨ ના રોજ **સમર્પણ ધ્યાન શિબિર**ના પ્રચાર માટે ડૉ. વંદનાબેન મહેતા, શ્રી મુકેશભાઈ ભટ્ટ, શ્રી કલ્પનાબેન ત્રિવેદી, કેદારભાઈ શુકલ તથા ઓમભાઈ રાઠોડે શાળાની મુલાકાત લીધી હતી. આ તમામને કે. એન. શાહ હાઈટેક ઈન્કલુસિવ સ્કૂલના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયાએ આવકાર્યા હતા તથા આ પ્રસંગે



સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમમાં શાળાના તમામ શિક્ષકગણ તથા ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં. ડૉ. વંદનાબેન મહેતાએ, 'ધ્યાનથી થતાં ફાયદાઓ' થી તમામને માહિતગાર કર્યા હતા અને તા. ૨૪ થી ૩૧ સુધી યોજાનાર **સમર્પણ ધ્યાન ગુરુતત્વ શિબિર**માં જોડાવા માટે આમંત્રિત કર્યા હતાં. આ કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.

## રાષ્ટ્રિય ગ્રાહક દિનની ઉજવણી



શાળામાં Effective Disposal for Cases in Consumer Commissions થીમ ઉપર તા. ૨૪ ડિસેમ્બર રાષ્ટ્રિય ગ્રાહક સુરક્ષા મંડળ ભાવનગર, તેમજ કે. એન. શાહ હાઈટેક ઈન્કલુસિવ સ્કૂલના સયુંકત ઉપક્રમે યોજવામાં આવેલ. મહેમાનોનું સ્વાગત પૂષ્પગુચ્છ અને ખાદીના રૂમાલ આપી કરવામાં આવેલ. આ પ્રસંગે મહિલા કોલેજના નિવૃત્ત પ્રિન્સિપાલ તથા સંસ્થાના સહમંત્રી અને ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ શ્રી ડી. જે. ધંધુકિયા, તોલમાપના અધિકારી શ્રી જી. પી. જાંબુકિયા, ગ્રાહક સુરક્ષા મંડળના ઉપપ્રમુખ શ્રી પ્રકાશભાઈ બોસમિયા, ગ્રાહક સંરક્ષા મંડળના મંત્રીશ્રી મયંકભાઈ ગોસાઈ, ગ્રાહક સુરક્ષા મંડળના કાર્યાલય મંત્રીશ્રી મીનાબેન ચોકસી તથા સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા

હતાં. શાળામાં ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા **કન્ઝ્યુમર કલબ** ચાલે છે, તેમાં ગ્રાહક સુરક્ષા સપ્તાહની રેલી, સ્લોગન સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા જેવી વિવિધ ઉજવણીઓ કરવામાં આવેલ. તેમાંથી પ્રથમ ૧ થી ૩ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે ઈનામ આપી પુરસ્કૃત કરી, ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા શુભાશિષ પાઠવેલ. આ ખાસ પ્રસંગે ગ્રાહકો સાથે થતી છેતરપિંડી કેમ નિવારી શકાય અને ગ્રાહકોમાં જાગૃતતા કેવી રીતે લાવી શકાય, તે બાબત બાળકો અને તેના માતા-પિતામાં જાગૃતતા કેમ લાવવી, તે બાબતનું સંપૂર્ણ માર્ગદર્શન ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબે ‘જાગો ગ્રાહક જાગો’ અંતર્ગત સુંદર વ્યાખ્યાન આપેલ. તેમજ તોલમાપના અધિકારી શ્રી જી. પી. જાંબુકિયા સાહેબે તોલમાપ અંગે થતી છેતરામણી અને usp કાયદા વિશે વિસ્તૃત માહિતી આપેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ, જેમાં દરેક શિક્ષકોએ જહેમત ઉઠાવેલ.



# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ

✍ કૌશિક પરમાર



## બાળપણમાં જમણેરી, યુવાનીમાં ડાબેરી....

ગૌતમ બગોદરિયા... બાળપણમાં જમણેરી હતો. આજે તેની ઉંમર ૧૯ વર્ષની છે. પરંતુ હવે તે ડાબેરી છે. સાવ સામાન્ય લાગતી આ વાત છે, પરંતુ અનુભવે ખૂબ જ અઘરી છે. ભાવનગરમાં વસતાં ગૌતમે શાળાનો અભ્યાસ શરૂ કર્યો ત્યારે જમણાં હાથે લખવાની ટેવ હતી. પરંતુ ગળામાં ગાંઠ થતાં, તેની સર્જરી દરમ્યાન જમણાં હાથે વિકલાંગતા આવી ગઈ. શાળામાં લખવામાં, પરીક્ષામાં પેપરના જવાબ લખવામાં થતી અડચણને કારણે ખૂબ જ સમસ્યાઓ થવા લાગી. પરંતુ ગૌતમે હિંમત ન હારી. ધીમે-ધીમે ડાબા હાથે લખવાની પ્રેક્ટિસ ચાલું કરી. શરૂઆતમાં અઘરું લાગતું હતું, પરંતુ ધીમે-ધીમે ફાવટ આવવા લાગી. જો કે, આ પ્રેક્ટિસમાં ખાસ્સો સમય લાગ્યો, મહેનત ફળી, ડાબા હાથે ઝડપથી લખી શકવામાં અંતે સફળ થયો. હાલ ગૌતમ ભાવનગરની એમ.જે. કોલેજ ઓફ કોમર્સમાં અભ્યાસ કરે છે. જમણા હાથની વિકલાંગતા નોકરી વ્યવસાય મેળવવામાં તકલીફરૂપ તો હતી જ. કોમ્પ્યુટર શીખીને નોકરી મેળવી શકાશે, તેવા વિચાર સાથે શરૂઆત કરી પરંતુ, યોગ્ય માર્ગદર્શનનો અભાવ હતો. પરિવારની આર્થિક સ્થિતી મધ્યમ છે. એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ વિષેની માહિતી મળતા અહીં એડમિશન લીધું. ગૌતમ વિનામૂલ્યે કોમ્પ્યુટરની તાલીમ મેળવી રહયો છે. બી.કોમ.નો અભ્યાસ ચાલું હોઈ એકાઉન્ટિંગ કામ ગમતું હતું, પણ તે કામ કરવા માટે કોમ્પ્યુટર શીખવું જરુરી હતું. સંસ્થામાં કોમ્પ્યુટરની તાલીમ મેળવી, ભવિષ્યમાં એકાઉન્ટિંગનું કામ કરી સ્વનિર્ભર બની શકશે, તેવો તેને વિશ્વાસ છે.

## પિતાના ચહેરા પરનો આનંદ

જીયા પટેલ એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટમાં તાલીમ મેળવી રહી હતી, ત્યારે જીયાના પિતા ગૌરાંગભાઈના ચહેરા પર આનંદ વર્તાતો. ઘરની આ લાડકી જીયાને ૩ વર્ષની ઉંમરે આંચકી



ગૌતમ બગોદરિયા

આવવાથી સેરેબ્રલ પાલ્સીની વિકલાંગતા આવી ગઈ. સ્નાયુઓમાં વિકલાંગતા ઉપરાંત બોલવામાં પણ તકલીફ પડે. આવી વિષમ પરીસ્થિતીની વચ્ચે રહીને પણ ધો. ૧૦ સુધી અભ્યાસ કર્યો. ૬૩ ટકા માર્ક સાથે પરીક્ષામાં સફળતા મેળવી. ભવિષ્યમાં નોકરી મેળવી શકે તે માટે વ્યવસાયલક્ષી કોર્સ કરવા ઈચ્છતી હતી. ચિત્રો દોરવાનો શોખ ખરો, પરંતુ તેને આવકનું મુખ્ય સાધન ન બનાવી શકાય. આર્થિક ઉપાર્જન માટે કઈ તાલીમ મેળવવી જોઈએ, તેની સતત અવઢવ રહયા કરતી. એવામાં જીયાને એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટમાં ચાલતા વિકલાંગો માટેના વિનામૂલ્યે કોમ્પ્યુટર કોર્સની માહિતી મળતાં જ એડમિશન મેળવ્યું. જીયાના પિતા રોજ સંસ્થામાં મૂકવા આવે. જીયાનો કોમ્પ્યુટર કલાસ પૂરો થાય ત્યાં સુધી વિભાગમાં બેસતા હતાં. જીયાએ જયારે એડમિશન મેળવ્યું ત્યારે કંઈ જ આવડતું ન હતું. જેમ જેમ જીયા કોમ્પ્યુટર શીખતી ગઈ તેમ તેમ તેના પિતાના ચહેરાનો આનંદ વધતો ગયો. જીયામાં હવે આત્મવિશ્વાસ આવવા લાગ્યો છે કે ‘કોમ્પ્યુટર ઓપરેટર બની નોકરી મેળવી શકશે અથવા ઘરે કોમ્પ્યુટર પર કામ કરી સ્વનિર્ભર બની શકશે.’



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



### બાળદિનની ઉજવણી



તા. ૧૪ નવે.`૨૨ ના રોજ **બાળદિનની ઉજવણી**નો કાર્યક્રમ નટરાજ સી.પી. સ્કૂલ તથા અન્ય પ્રોજેક્ટ દ્વારા ફાતિમા કોન્વેન્ટ પ્રાયમરી સ્કૂલના આચાર્યશ્રી તથા સ્ટાફની ઉપસ્થિતિમાં નટરાજ ઓડિટોરિયમ ખાતે યોજવામાં આવ્યો હતો. જે કાર્યક્રમમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓ દ્વારા 'ઓ માય ફ્રેંડ ગણેશા' અભિનય ગીત રજૂ કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટના સ્પેશ્યલ એજ્યુકેટર શ્રી બિનાબેન જાની તથા કેરગિવર્સ શ્રી હર્ષાબેન પાડલિયા દ્વારા ખૂબજ ટૂંકા સમયગાળામાં કૃતિની પ્રેક્ટિસ કરવામાં આવી હતી. મહેમાનો દ્વારા બાળકોને નોટબુક તથા નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ.

### 'બર્થ ડે' સેલિબ્રેશન



પ્રોજેક્ટ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત તા. ૨૮ નવે.`૨૨ ના રોજ ઓગસ્ટ માસથી ડિસેમ્બર માસ દરમ્યાન બાળકોના આવતા જન્મદિવસની સામૂહિક ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, સી.પી. સ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકી, કે.એન.શાહ હાઈટેક ઈન્કિલુસિવ સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી હિતેનભાઈ પંડયા તથા દિશા કમ વિકાસ પ્રોજેક્ટના કો-ઓર્ડિનેટર શ્રી અમિતભાઈ મિત્રા બાળકોનો ઉત્સાહ વધારવા ઉપસ્થિત રહ્યાં હતાં. બાળકો દ્વારા બર્થ ડે કેક કટિંગ કરવામાં આવી હતી. શ્રી પારસભાઈ શાહ દ્વારા બાળકોને જન્મદિવસની શુભકામના પાઠવવાની સાથે બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવેલ. શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા સંસ્થામાં બાળકો માટે યોજવામાં આવતા વિવિધ કેમ્પની માહિતી આપવામાં આવેલ તથા દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા, બાળકો માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની પ્રશંસા કરેલ. શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા સંસ્થાની આગામી યોજનાઓ વિશે માહિતી આપવામાં આવેલ. પ્રોજેક્ટ દ્વારા આ નિમિત્તે કેક તથા નાસ્તો અને ગિફ્ટ આપવામાં આવેલ. આ આનંદના પ્રસંગે પ્રોજેક્ટના વિદ્યાર્થી રૂદ્રેશ કાળુભાઈ મકવાણાના વાલી દ્વારા બાળકોને લંચબોક્ષ અને વોટરબેગની ગિફ્ટ આપવામાં આવેલ.

### 'વિશ્વ વિકલાંગ દિનની' ઉજવણી

તા. ૩ ડિસેમ્બરના રોજ વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી નટરાજ સી.પી. સ્કૂલ તથા સંલગ્ન પ્રોજેક્ટના સ્ટાફ અને બાળકો દ્વારા સાથે મળીને કરવામાં આવી હતી. જેમાં બાળકો માટે રંગ પૂરણી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકોના ક્ષમતા અને ઉમર અનુરૂપ ગ્રુપ બનાવી પાસિંગ ધ બોલ, મમરાને ફૂંક મારવાની રમત રમાડવામાં આવી હતી, બાળકોને ચિત્રમાં રંગ પૂરવાની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી, આઉટડોર ગેઈમમાં થેરાપિસ્ટ સ્ટાફ દ્વારા બાળકો માટે હર્ડલ વોકિંગનું કરાવવામાં આવ્યું હતું. ટાઉન ફોર કીડ એકેડમી દ્વારા બાલ વાર્તાનું ઓનલાઈન સેશન યોજવામાં આવ્યું, તેમાં ભાગ લીધો હતો. આ દરેક પ્રવૃત્તિનું આયોજન આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે પ્રોજેક્ટના કેરગિવર્સ શ્રી હર્ષાબેન પાડલિયા તથા થેરાપિસ્ટ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

### શ્રવણયંત્રનું વિતરણ

તા. ૩ ડિસેમ્બરના રોજ વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણીના ભાગરૂપે ડૉ. આઈ. બી. સરધારવાલા સ્પિચ એન્ડ ઓડિયોલોજી ક્લિનિક અંતર્ગત, દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થી પિયુષ ચુડાસમા અને ભાવેશ મકવાણાને સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહના હસ્તે, શ્રવણયંત્રનું વિતરણ કરવામાં આવેલ.

### સાયન્સ સિટીની મુલાકાત

તા. ૩ ડિસેમ્બરના રોજ વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી નટરાજ સી.પી. સ્કૂલ તથા સંલગ્ન પ્રોજેક્ટના વિદ્યાર્થીઓને સાયન્સ સિટીની

મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં. જેમાં પ્રોજેક્ટના સાત વિદ્યાર્થીઓ તથા બે શિક્ષકોએ ભાગ લીધો હતો. જેમાં ઓટો મોબાઈલ ગેલેરીમાં પૈંડાની વિકાસ ગાથા, એન્જીનની વિકાસ ગાથા, જોયા બાદ બાયોલોજીકલ ગેલેરીમાં જુદા-જુદા વૈજ્ઞાનિકોનો પરિચય, મરિન એકવેરિયમ ગેલેરીમાં વર્ચ્યુલ રિયાલિટીમાં દરિયાઈ જીવસૃષ્ટિનો અનુભવ આનંદ સાથે ડરનો અનુભવ કરાવનારો હતો. ત્યારબાદ સાયન્સ સિટીના મેનેજર સાહેબ દ્વારા બાળકોને પેન્સિલ તથા રંગબેરંગી રબ્બરની ભેટ આપવામાં આવેલ.



# પી.એન.આર. સોસાયટી સંચાલિત ટિચર્સ ટ્રેનિંગ કોલેજ વિઝયુઅલી ઈમ્પાયર્ડ



કિરણ રાજયગુરુ

### સી.પી. સ્કૂલ વિઝિટ :

પ્રથમવર્ષના તાલીમાર્થીઓ દ્વારા સી.પી. સ્કૂલની તા. ૫ ડિસે.`૨૨ ના રોજ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં સી.પી. સ્કૂલના તમામ વિભાગોની માહિતી શ્રી જયોતિબેન પરમાર દ્વારા આપવામાં આવેલ. જેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ જુદા-જુદા વિભાગોની માહિતી પ્રાપ્ત કરેલ. સી.પી. સ્કૂલના આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકીએ પણ તાલીમાર્થીઓ સાથે મુલાકાત કરી માર્ગદર્શન પૂરૂં પાડેલ.

### દિશા કમ વિકાસ પ્રોજેક્ટની મુલાકાત :

૨૦૨૨`-૨૪ ના નવા પ્રવેશ પામેલા પ્રથમવર્ષના તાલીમાર્થીઓ દ્વારા તા. ૫ ડિસે.`૨૨ ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટની મુલાકાત કરવામાં આવેલ. જેમાં દિશા કમ વિકાસના અલગ-અલગ વિભાગો જેવા કે, સ્પેશ્યલ એજ્યુકેશન, પ્રિ-વોકેશનલ, ફિઝીયોથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી તથા A.D.L. વિભાગોની માહિતી શ્રી બિનાબેન જાની દ્વારા આપવામાં આવેલ. જેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક દરેક વિભાગોની માહિતી પ્રાપ્ત કરેલ.

### ૨૦૨૦-૨૦૨૨નું પરિણામ :

NIEPVD દહેરાદૂન યુનિવર્સિટી દ્વારા યોજાયેલ સેમ.-૩ અને સેમ.-૪ ની પરીક્ષામાં D.Ed. SE. (VI) ના (૨૦૨૦-૨૦૨૨) ના દ્વિતિય વર્ષના તાલીમાર્થીઓનું કોલેજ કક્ષાએ ૧૦૦% પરિણામ આવેલ. જેમાં પ્રથમ ક્રમાંક : ગોગી ચેનારામ, દ્વિતિય ક્રમાંક: ભારમલરામ પુનમારામ અને તૃતિય ક્રમાંક : સુગનાકુમારી હરદયાલસિંહ આ સિધ્ધિ બદલ કોર્સ કો-ઓર્ડિનેટર તેમજ સ્ટાફ દ્વારા તાલીમાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવવામાં આવેલ.

### વિશ્વ દિવ્યાંગ દિવસ :




૩જી ડિસે.`૨૨ ના રોજ **વિશ્વ દિવ્યાંગ દિન** નિમિત્તે ટિચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા વર્ગખંડમાં દિવ્યાંગતા શું છે ? તે વિશેની સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત તાલીમાર્થીઓ દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓ જેવા કે, કારર્લે, લુઈ બ્રેલ, સુધાચંદ્રન, રવિચંદ્ર, હેલન કેલન, અરૂનિમા સિન્હા જેવા વ્યક્તિઓના જીવન ચરિત્ર વિશે પ્રસ્તુત કરેલ. તદઉપરાંત દિવ્યાંગતા પર સુંદર કવિતાની પણ પ્રસ્તુતિ તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવેલ.

# પ્રજ્ઞાચક્ષુ દેશ માટે ત્રીજો ટી-૨૦ વર્લ્ડકપ જીત્યા

**બ્લાઈન્ડ ટી-૨૦ વર્લ્ડકપ** જીતવા બદલ વડાપ્રધાને અભિનંદન પાઠવ્યાં. ભારતીય બ્લાઈન્ડ ક્રિકેટ ટીમના ખેલાડીઓએ ઈતિહાસ રચી દીધો છે. સતત ત્રીજા બ્લાઈન્ડ ટી-૨૦ વર્લ્ડકપમાં બાંગ્લાદેશ સામે વિજય પ્રાપ્ત કરી, ત્રીજા વર્લ્ડકપની ભારતને ભેટ આપી છે. બ્લાઈન્ડ ટી-૨૦ વર્લ્ડકપ જીતવા બદલ ભારતીય ટીમ પર ખુશી વ્યકત કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટ્વિટ કર્યું, 'ભારતને તેના ખેલાડીઓ પર ગર્વ છે. અમે બ્લાઈન્ડ ટી-૨૦ વર્લ્ડકપ જીત્યો છે, જે ખૂબ જ ખુશીની વાત છે.'

અત્રે ઉલ્લેખનીય છે કે, બીસીઆઈ અને રાજ્યના ક્રિકેટ બોર્ડે સામાન્ય ક્રિકેટરોને વર્ષ દહાડે લાખો - કરોડો રૂપિયા કોન્ટ્રાક્ટ પેટે આપવાની સાથે, કોઈ મહત્વની ટૂર્નામેન્ટ કે વર્લ્ડકપ વિજેતા બને ત્યારે, સરકાર કરોડો રૂપિયા ગિફ્ટ તરીકે આપતા હોય છે. અંધજન ક્રિકેટરોને પણ સરકાર કે ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ તરફથી યોગ્ય મદદ  કે સહાય મળવી જોઈએ, તેવી માંગ બ્લાઈન્ડ ક્રિકેટરોએ કરી છે.

**સૌ. : ફૂલછાબ**



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



ફાલ્ગુની ખાટસુરિયા

## 'વિશ્વ વિકલાંગતા દિવસની ઉજવણી'



તા. ૦૩ ડિસેમ્બર'૨૨ ના રોજ **વિશ્વ વિકલાંગતા દિવસ**ની ઉજવણી શાળાના મહાવીર ઓડિટોરિયમમાં કરવામાં આવી. જેમાં બાળકોને વિશ્વ વિકલાંગતા દિવસનું મહત્વ સમજાવવામાં આવ્યું. અને અલગ-અલગ રમત રમાડવામાં આવી. જેવી કે સંગીત ખુરશી, દડા ફેંક, લીંબુ ચમચી, દોરડા કૂદ, ફૂગા ફોડ, ફૂંક માર, સ્ટ્રો વડે પાણી પીવું, લંગડી, સાઈન બદલ, આંધળો પાટો, વસ્તુ શોધો વગેરે. તમામ શ્રવણમંદ બાળકોએ બધી રમતોમાં ખૂબ રસપૂર્વક ભાગ લીધો અને ઉજવણીનો આનંદ માણેલ. આ પ્રસંગે સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી હર્ષાબેન આશરા તથા સર્વે શિક્ષકોએ હાજર રહી, બાળકોને પ્રોત્સાહિત કરેલ.

## એકસેલ એક્સપ્રેશન-'૨૨




શાળાના બાળકો તા. ૧૦ ડિસે.'૨૨ ના રોજ શહેરના શિશુવિહાર ખાતે ગયા હતાં. ત્યાં જુદી-જુદી શહેરની શાળા-કોલેજોના વિદ્યાર્થીઓએ પોત-પોતાની કૃતિઓ રજૂ કરી હતી. આપણી શાળાની કૃતિ **રાસ** મહેમાન કૃતિ હતી. જેને ત્યાના સૌ આમંત્રિત મહેમાનોએ-સ્ટેન્ડિંગ ઓવેશન આપી બીરદાવી હતી. આ કૃતિને સફળ બનાવવા શાળાના શિક્ષક મિત્રોએ ખૂબ સાથ-સહકાર આપ્યો હતો. તેમજ શાળા પરિવારના ટ્રસ્ટીગણ અને આચાર્યશ્રીએ હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કરેલ.

## ચિત્ર સ્પર્ધા



સુમિટોમો ઈન્ડસ્ટ્રિઝ દ્વારા શિશુવિહાર ખાતે તા. ૧૧ ડિસે.'૨૨ ને રવિવારના રોજ **ચિત્ર સ્પર્ધા** નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં આપણી શાળાના પ્રાથમિક અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ **તત્કાલ ચિત્ર સ્પર્ધા**માં ભાગ લીધેલ. જેમાં પ્રાથમિક વિભાગમાંથી ૧. હિરલ બારૈયા, ૨. ફેન્સી પટોળિયા, ૩. ધ્રુવ મકવાણા જયારે માધ્યમિક વિભાગમાંથી ૧. પરમાર બંસી, ૨. વિવેક વાળા અને ૩. હર્ષિલ પડારિયાએ ભાગ લીધેલ. બંને વિભાગના ચિત્ર શિક્ષક શ્રી પ્રશાંતભાઈ અને શ્રી ઉજ્જવલાબહેને વિદ્યાર્થીઓને માર્ગદર્શન તથા પ્રેકિટસ કરાવેલ.

## પ્રવૃત્તિ દ્વારા ભાષા વિકાસ



શાળામાં દર વર્ષે જુદા-જુદા ધોરણમાં નવા વિદ્યાર્થીઓ પ્રવેશ પામે છે. જે ભાષાકિય સ્તરે ખૂબ નબળા હોય છે. તેઓને નર્સરી-કેજીની કક્ષાથી શબ્દભંડોળ રજૂ કરવાનો થતો હોવાથી, જુદી-જુદી પ્રવૃત્તિ દ્વારા ભાષાજ્ઞાન આપવામાં આવે છે તે અંતર્ગત ધો. ૫ અ-બ માં નવા બાળકો માટે ખાસ સલાડ બનાવવાની પ્રવૃત્તિ હાથ ધરાયેલ. જેમાં, વર્ગશિક્ષક શ્રી ચંદ્રિકાબેન પરમાર તથા શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ

વર્ગમાં જ બાળકોને સાથે લઈ સુંદર પ્રવૃત્તિ કરેલ. દરેક બાળકોએ પ્રવૃત્તિમાં ખૂબ ઉત્સાહભેર ભાગ લીધેલ અને ભાષાકિય સંકલ્પના પણ મેળવેલ.

## અભિવાદન નવા ઈન્ચાર્જશ્રીનું



પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી ઈલાબહેન મજમુદાર વયમર્યાદાને કારણે સેવાનિવૃત્ત થવાથી, તેમના પદ ઉપર શ્રી હર્ષાબેન આશરાની નિયુકિત કરવામાં આવી. આ પ્રસંગે નવા નિયુકિત પામેલ શ્રી હર્ષાબેન તરફથી અપાયેલ ઉજવણી સમારંભમાં, સંસ્થાના પ્રમુખશ્રી ગિરીશભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા તથા શ્રી જીતુભાઈ અને સમગ્ર સંસ્થા પરિવાર તરફથી પુષ્પગુચ્છ તથા શાલ અર્પણ કરી આચાર્યશ્રીને વધાવવામાં આવેલ તથા શુભેચ્છા પાઠવવામાં આવેલ. શ્રી હર્ષાબેન આશરા છેલ્લાં ૨૩ વર્ષોથી શાળામાં સંનિષ્ઠ શિક્ષક તરીકે ફરજ બજાવી રહેલ છે તથા આગામી વર્ષોમાં ઈન્ચાર્જ પદે સારી સેવા પૂરી પાડે તેવી ખૂબ-ખૂબ શુભકામનાઓ.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા



✍ જ્યોતિ ભટ્ટી

## "મતદાન જાગૃતિ કાર્યક્રમ" :





લોકશાહીના અમૃત પર્વ ચૂંટણીના અવસરે તા. ૨૨ નવે.'૨૨ ના રોજ શાળાના મહાવીર ઓડિયોરિયમ ખાતે દિવ્યાંગ વિદ્યાર્થીઓમાં મતદાન અંગે જાગૃતતા લાવવા માટે **"મતદાન જાગૃતિ કેમ્પ"** યોજાયેલ. જેમાં DEO કચેરીના EI શ્રી સાગરભાઈ પંડયા, તેમજ સરકારી પ્રતિનિધિ શ્રી મિતુલભાઈ રાવલ પધારેલ. તેઓએ શાળાની મુલાકાત લીધેલ. શિક્ષણ કાર્યનું નિરીક્ષણ કર્યું, તેમજ ઓડિટોરિયમમાં વિદ્યાર્થીઓને મતદાન કરવા માટે સમજાવેલ. ત્યારબાદ શ્રવણમંદ લોકોને મત આપવા માટે સાઈન લેંગ્વેજમાં એક પ્રેરણાત્મક વિડીયોગ્રાફી પણ કરેલ. ઉપસ્થિત વિદ્યાર્થીઓને શ્રી મિતલભાઈ રાવલે પ્રેરક ઉદબોધન કરેલ. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ મહેમાનોને આવકાર આપેલ, તેમજ શ્રવણમંદ દિવ્યાંગ લોકોના કાર્ય માટે આભાર માનેલ.

## "વિશ્વ દિવ્યાંગ દિવસ" :

વર્ષ ૧૯૯૨થી તા. ૩જી ડિસેમ્બરના રોજ વિશ્વ દિવ્યાંગ દિવસ આંતરરાષ્ટ્રિય કક્ષાએ વિવિધ રીતે ઉજવાતો રહ્યો છે. જે દિવ્યાંગ લોકોને સમાજના તમામ ક્ષેત્રોમાં અધિકારો, આત્મસન્માન અને તેમના કલ્યાણના ઉદ્દેશ સાથે મનાવવામાં આવે છે. આ હેતુથી આ દિવસની ઉજવણીના ભાગરૂપે માધ્યમિક શાળામાં આ વર્ષે શ્રવણમંદ વિદ્યાર્થીઓ માટે જુદી-જુદી રમતોનું આયોજન કરવામાં આવેલ. જેમાં ધો. ૯ થી ૧૨ ના દરેક વિદ્યાર્થીઓને એક-એક રમત જેવી કે, ફુગ્ગા ફોડવા, દોરડા ખેંચ, ચાંદલા ચોંટાડવા, સાડી પહેરવી, બેડા સાથે રેસ વગેરે રમાડવામાં આવેલ. દરેક રમતના વિજેતાઓને ઓડિટોરિયમમાં ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ સાથે સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ PGP ગ્રુપ વડોદરાના કર્મચારીઓને ઓનલાઈન, તેમજ શાળામાં ઓફલાઈન રોજગારલક્ષી ઉદબોધન કરેલ. તેમજ આ શાળાના ઘણાં વિદ્યાર્થીઓ વિવિધ જગ્યાએ કાર્ય કરી ઉચ્ચ જીવન ધોરણ જીવી રહ્યાં છે, તે વિષે માહિતી આપેલ. આ સંસ્થામાં કાર્ય કરી રહેલા ૧૩ દિવ્યાંગ કર્મચારીઓનું ઉમળકાભેર સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમમાં મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી શૈલેષભાઈ દવે, શ્રી હર્ષાબેન આશરા, શ્રી સ્નેહાબેન, શ્રી હિતેષાબેન વગેરે ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી ભરતભાઈ દ્વારા, તેમજ સંચાલન શ્રી જયોતિબેન ભટ્ટી દ્વારા કરવામાં આવેલ.

## પિક્ચર '૮૩' :

શ્રવણમંદતાના અવરોધ સાથે હાલમાં શ્રવણમંદ લોકો અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે, જે શ્રવણમંદ લોકોને વધુ ઉપયોગી બની રહે તેવા

કાર્યો કરી રહ્યા છે. જેમાં સમાજની ઉપયોગિતા સાથે, પોતાની આજીવિકા એમ બંને હેતુ સફળ થાય છે. આવા આશય સાથે ISH (શ્રવણમંદો માટેની ન્યૂઝ ચેનલ) ના ન્યૂઝ રીડર શ્રી હરીશભાઈ, ટેકનીશ્યન શ્રી અકીલભાઈ, શ્રી મનનભાઈએ પોતે શ્રવણમંદ હોવા છતાં પિક્ચર '૮૩', જેમાં દરેક સંવાદનું interpriting કરી, પિક્ચર સાથે સ્ક્રિન પર દર્શાવવાનું કાર્ય કરેલ છે. તા. ૫ ડિસે.'૨૨ ના રોજ શાળાના ઓડિટોરિયમમાં શ્રવણમંદ વિદ્યાર્થીઓને બતાવવામાં આવ્યું. જે જોઈને તેઓ ખૂબ જ ખુશ થયા. સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા તેમજ માધ્યમિક વિભાગના આચાર્યશ્રી



શૈલેષભાઈ ઉપસ્થિત રહ્યાં હતા. વિદ્યાર્થીઓએ શ્રવણમંદતા સાથે પણ વિશિષ્ટ કામગિરી કરી, પગભર થઈ શકાય તેવી પ્રેરણા મેળવેલ.



# શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા મહેતા છાત્રાલય

✍ સ્નેહાબેન જોષી



◈તા. ૪ ડિસે.'૨૨ ના રોજ પી.એન.આર.ના ટ્રેઝરર શ્રી રાખશિયાસાહેબના ધર્મપત્નિ સ્વ. શ્રી રેખાબેન એચ. રાખશિયાની આઠમી પૂણ્યતિથિ નિમિત્તે છાત્રાલયના બાળકોને મિષ્ઠાન, ફરસાણ આપી ભોજન કરાવેલ. બાળકોએ સ્વ. માટે શાંતિ પ્રાર્થના કરેલ.

◈તા. ૧૦ ડિસે.'૨૨ ના રોજ ડૉ. હાર્દિકભાઈ ખત્રીની પુત્રી ચિ. આરનાના જન્મદિવસ નિમિત્તે આ બાળકોને મનપસંદ ભોજન કરાવેલ. બાળકો દ્વારા આરનાના જન્મદિવસ નિમિત્તે સાંસ્કૃતિક પ્રોગ્રામ કરેલ. તેમજ નાના-નાના બાળકોએ આરનાને કેક કપાવી અને તેની સાથે ડાન્સ કરી ખૂબ જ આનંદ કરેલ.

◈રોજ સવારે છાત્રાલયના બાળકો રનિંગ, વોકિંગ, દોરડા કૂદ તેમજ ધ્યાન, અનુલોમ-વિલોમ વગેરે કરે છે. બાળકોના ઉત્સાહમાં વધારો કરવા ગૃહમાતા પણ તેમની સાથે જોડાઈ બાળકોને યોગ, ધ્યાન વગેરેનું મહત્વ સમજાવે છે.



# શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય



સ્વ. ચંદાબહેન

## છાત્રાલયના બાળકોની નિયમીત પ્રવૃત્તિઓ

✻ તા. ૪ ડિસે.'૨૨ ના રોજ PNR ના ટ્રેઝરર શ્રી એચ. પી. રાખશિયાસાહેબના ધર્મપત્નિ સ્વ. શ્રી રેખાબેનની આઠમી પૂણ્યતિથિ નિમિત્તે છાત્રાલયના બાળકોને મિષ્ઠાન, ફરસાણ આપી ભોજન કરાવેલ.

✻ છાત્રાલયના બાળકો રોજ સવારે જુદી-જુદી રમતો, તેમજ છાત્રાલયમાં વસાવેલ ફીટનેસના સાધનોનો ઉપયોગ કરી પોતાના સ્વાસ્થ્યની સંભાળ રાખે છે.

✻ રોજ સવારે ધ્યાન, અનુલોમ-વિલોમ તેમજ પોતાને ગમતી જુદી-જુદી કસરતો કરી પોતાના આરોગ્યની કાળજી રાખતા હોય છે.







### શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત

# શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ

## (હિયરિંગ ઈમ્પાયર્ડ)

✍ સંતોષ યાદવ



### ઈન્ટર્નલ પરીક્ષા :

બી.એડ. સ્પેશિયલ એજયુકેશન (એચ.આઈ) વર્ષ ૨૦૨૨-'૨૪ પ્રથમ સેમેસ્ટરના તાલીમાર્થીઓની ઈન્ટર્નલ પરીક્ષા યોજાઈ ગઈ.

### ડી.એડ. (એચ.આઈ,) પરિણામ :

ડી.એડ. સ્પેશિયલ એજયુકેશન (એચ.આઈ.) વર્ષ ૨૦૨૦-'૨૨ બેન્ચ (સેમેસ્ટર-૪) ના તાલીમાર્થીઓનું ૧૦૦% પરિણામ આવેલ. જેમાં કુલ ૨૮ તાલીમાર્થીઓમાંથી, ૩ તાલીમાર્થી ફર્સ્ટ કલાસ ડિસ્ટીકશન સાથે, ૨૫ તાલીમાર્થી ફર્સ્ટ કલાસ સાથે પાસ થયેલ. જેમાં પ્રથમ ક્રમાંકે સુથના સોની-૭૯.૮૦%, દ્વિતિય ક્રમાંકે ડાભી મયુરી-૭૬.૮૪% અને તૃતિય ક્રમાંકે રામધન ચૌધરી-૭૬.૨૮% સાથે ઉત્તીર્ણ થયેલ. અભિનંદન.

### વિશ્વ દિવ્યાંગતા દિવસ :

તા. ૦૩ ડિસેમ્બર'૨૨ ના રોજ કોલેજમાં **વિશ્વ દિવ્યાંગતા દિવસ**ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં પોસ્ટર પ્રેઝન્ટેશન, ડિબેટ અને શ્રવણમંદ બાળકોએ **અવેરનેસ** વિષય પર નાટક રજૂ કરેલ. કાર્યક્રમમાં ભાગ લેનાર તાલીમાર્થીઓને સર્ટિફીકેટ આપી સન્માનિત કરવામાં આવેલ.

### સંસ્થા વિઝિટ :

કોલેજના વર્ષ ૨૦૨૨-'૨૪ ના બી.એડ. અને ડી.એડ. સ્પેશ્યલ એજયુકેશન (એચ.આઈ.) નવા પ્રવેશ પામેલ તાલીમાર્થીઓને અભ્યાસક્રમ અનુસાર પ્રત્યક્ષ નિરીક્ષણ કરી, વધારે સારી રીતે દિવ્યાંગતા વિશે સમજ મેળવી શકે તે માટે તા. ૨૯ નવે. થી ૬ ડિસે. દરમ્યાન પી.એન.આર. સોસાયટી સંલગ્નિત સ્પેશ્યલ શાળાઓ, શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળાના પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ, ઓડિયો વિભાગ, લાઈબ્રેરી વિભાગ, **P.R.V.** વિભાગ, છાત્રાલય વિભાગ, **A.T. & T.** વિભાગ, તેમજ 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, કે.એન. શાહ હાઈટેક ઈન્કલુસિવ સ્કૂલ, સી.પી. સ્કૂલ અને અંધશાળાની વિઝિટ કરાવવામાં આવેલ.

### રિસોર્સ પર્સન તરીકે :

**"Composite Regional Center for Skil Development, Rehabilitation & Empowerment of Person with Disability (CRC), Gorakhpur"**. દ્વારા ત્રણ દિવસ ઓનલાઈન **CRE** કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં ટિચર્સ ટ્રેનિંગ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સંતોષભાઈ યાદવ દ્વારા તા. ૧૮ નવે. ના રોજ **"Activities for developing Pre-Mathematical Skills"** વિષય પર રિસોર્સ પર્સન તરીકે લેકચર લેવામાં આવેલ.

### રિસર્ચ પેપર્સ પબ્લિકેશન :

- પ્રોફેસર શ્રી અજિતભાઈ તા. ૧૭ નવે. ના રોજ **"Role of Policy in Teacher Education"** એન્જીનિયરીંગ ટેકનોલોજી એન્ડ સાયન્સ અને તા. ૧૯ નવે. ના રોજ **"Teaching Strategies with Necessary Adaptation for the Children with Hearing Impairment"** ટોપિકના પેપર્સ ઈન્ટરનેશનલ જર્નલ ઓફ રિસર્ચ પબ્લિકેશન એન્ડ રિવ્યુઝમાં પ્રકાશિત કરવામાં આવેલ.
- પ્રિન્સિપાલ ડૉ. સંતોષભાઈ યાદવ અને અલીયાવર જંગના પૂર્વ ડાયરેકટર શ્રી પ્રોફેસર ડૉ. સુની મેથ્યુ દ્વારા નવેમ્બર માસમાં **"Professional Characteristics of the Principals at Different Stages of Pragna Implementation in Gujarat"** ટોપિકના પેપર્સ ઈન્ટરનેશનલ જર્નલ ઓફ પબ્લિકેશન ઉપર પ્રકાશિત કરવામાં આવેલ.
- પ્રિન્સિપાલ ડૉ. સંતોષભાઈ યાદવ અને પ્રોફેસર શ્રી મંજુ યાદવ દ્વારા નવેમ્બર માસમાં **"Effectiveness of Auditory Verbal Therapy in the Education of Children with Cochlear Implant"** ટોપિકના પેપર્સ ઈન્ટરનેશનલ જર્નલ ઓફ રિસર્ચ ઈન સ્પેશ્યલ એજયુકેશન પર પ્રકાશિત કરવામાં આવેલ.

## TET પરીક્ષા : કરોડરજ્જુની ખામી હશે તો હવે ઉમેદવાર દિવ્યાંગ ગણાશે

### સરકારે દિવ્યાંગતામાં બે કેટેગરી પ્રકારનો સમાવેશ કર્યો

ધો. ૧ થી ૮ ની સ્કૂલોમાં શિક્ષક બનવા માટેની પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી એટલે કે ટીચર એલિજિબિલિટી ટેસ્ટ (ટેટ) ૧ અને ૨ માટેના ફોર્મ ભરવાની પ્રક્રિયા હાલ ચાલી રહી છે, ત્યારે સરકારે આ પરીક્ષા માટે દિવ્યાંગતા કેટેગરીમાં બે પેટા કેટેગરીનો ઉમેરો કર્યો છે. જે મુજબ હવે કરોડરજ્જુની ખામી ધરાવતા ઉમેદવારો પણ દિવ્યાંગ ગણાશે અને તેઓને પાસીંગ ગુણમાં પણ પાંચ ટકાનો લાભ તથા લઘુત્તમ લાયકાતમાં પાંચ ટકાની છુટ મળશે.

**સૌ. : ગુજરાત સમાચાર**



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા

નેહલ ગઢવી



### ફાયર સેફટી નિદર્શન :

સંસ્થાના સમગ્ર કેમ્પસને ફાયર સેફટી સિસ્ટમથી સુસજ્જ કરવામાં આવેલ છે. કોઈ આકસ્મિક સંજોગોમાં આગ લાગે તો તેના ઉપર કઈ રીતે કાબુ મેળવવો તે માટે નિષ્ણાંત દ્વારા, શાળાના સમગ્ર સ્ટાફને ફાયર સિસ્ટમના દરેક સાધનોથી માહિતગાર કરી તે સાધનનો કઈ રીતે ઉપયોગ કરવો તેના વિષે માહિતી આપેલ.

### વિશ્વ વિકલાંગ દિવસ :

૩જી ડિસેમ્બર સમગ્ર વિશ્વમાં વિકલાંગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, શાળામાં પણ આ દિવસે બાળકોને **કઠપુતળીનો ખેલ** બતાવી, આ દિવસની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવેલ.

### 'અંકુર' ને કરુણામય ઉર્જાથી નવપલ્લવિત કરતા પૂજ્ય મોરારીબાપુ

૮ ડિસેમ્બર, વિશ્વ વંદનીય સંતશ્રી પૂજ્ય મોરારીબાપુએ મંદબુધ્ધિના બાળકોની વિશિષ્ટ શાળા 'અંકુર' ની મુલાકાત લઈ, પોતાની કરુણા, આશીર્વાદ અને દિવ્ય ઉર્જાથી આ સંસ્થાને નવપલ્લવિત કરી હતી. આ પ્રસંગે તેમની સાથે ભાવનગરના જાણીતા ઉદ્યોગપતિ અને ભાવનગર ખાતેની કથાના યજમાન શ્રી જયંતભાઈ વનાણી (બુધાભાઈ પટેલ) પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. ટ્રસ્ટ દ્વારા બાપુનું સ્વાગત, અભિવાદન અને બાળકોએ તૈયાર કરેલ વિશેષ કૃતિઓ દ્વારા બાપુને સ્મૃતિ અર્પણ કરવામાં આવેલ, તો મારારીબાપુના હસ્તે બાળકોને ધાબળા વિતરણ પણ કરાયું હતું. પૂજ્ય મોરારીબાપુ એ આ સંસ્થામાં બાળકોની જે રીતે સેવા અને વિશિષ્ટ શિક્ષણનું કાર્ય થઈ રહ્યું છે તેની પ્રસંશા કરતા જણાવ્યું કે, ''અહીંના ટ્રસ્ટીઓ, શિક્ષકો અને નાના-મોટા કાર્યકરો જે કરી રહ્યા છે, તે વંદનીય છે. આ સંસ્થાને જ્યારે પણ કંઈ જરૂર પડે ત્યારે આ મોરારીબાપુ સાથે ઉભા રહેશે. આવા બાળકો દ્વારા ઈશ્વરે આપણને સૌને કરુણાને સેવા સ્વરૂપે પ્રસ્તુત કરવાની તક આપી છે, તે ન ભૂલવું જોઈએ.'' મોરારીબાપુએ સંસ્થાની મુલાકાત દરમિયાન બાળકો દ્વારા તૈયાર થતી સર્જનાત્મક ચીજવસ્તુ જોઈ પ્રભાવિત થયા હતા અને અહીં અપાતી વોકેશનલ ટ્રેનિંગ અંગે વિસ્તૃત માહિતી પણ મેળવી હતી. મોરારીબાપુની આ શુભેચ્છા મુલાકાત અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના શ્રી નેહલબેન ગઢવીએ સંભાળ્યું હતું.

### માનસિક વિકલાંગ દિવસની ઉજવણી :



દર વર્ષની જેમ આ વર્ષે પણ ૮મી ડિસેમ્બરે શ્રી મુકેશભાઈ મંગલાણી (સૌરાષ્ટ્ર સમાચાર) ના અતિથિ વિશેષ પદે **માનસિક વિકલાંગ દિવસ**ની ઉજવણી કરવામાં આવેલ. જે અંતર્ગત શાળાના બાળકોને ગ્રુપ પ્રમાણે વિવિધ રમતો રમાડવામાં આવેલ. અને વિજેતા બાળકોને ઈનામઆપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ સુંદર રીતે સંપન્ન થયેલ.

### આઉટ સ્ટેન્ડિંગ પ્રોફેશનલ વર્કરનો એવોર્ડ મેળવતા શ્રી જયપાલસિંહ ગોહિલ :

શાળાના મદદનીશ શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલને મુંબઈ સ્થિત **નેશિયો** સંસ્થા દ્વારા વિકલાંગ બાળકોના તાલીમ અને પુનર્વસન ક્ષેત્રની શ્રેષ્ઠ કામગીરી માટે **વર્ષ ૨૦૨૨ નો આઉટ સ્ટેન્ડિંગ પ્રોફેશનલ વર્કરનો એવોર્ડ** એનાયત કરવામાં આવેલ. સંસ્થા પરિવાર વતી શ્રી જયપાલસિંહ ગોહિલને ખૂબ ખૂબ અભિનંદન તથા આપ ભવિષ્યમાં ખૂબ જ પ્રગતિ કરો તેવી શુભેચ્છા...

## સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (એમ.આર)

### વેલકમ પ્રોગ્રામ :

તા. ૧૪ નવે.`૨૨ ના રોજ ટિચર્સ ટ્રેનિંગ કોલેજ દ્વારા વર્ષ ૨૦૨૨-`૨૪ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે **વેલકમ પ્રોગ્રામ**નું આયોજન કરવામાં આવેલ. કોલેજના ચેરમેન શ્રી ડી. જે. ધંધુકિયા, શાળાના પ્રિન્સિપાલ શ્રી મેઘજીખાન સાયબાણીએ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક વકતવ્ય દ્વારા શુભેચ્છા પાઠવેલ તથા દ્વિતિય વર્ષના વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો વર્ણવેલ. ત્યારબાદ સિનીયર વિદ્યાર્થીઓએ નવા વિદ્યાર્થીઓને પોતાની પરંપરા અનુસાર તિલક,

મીઠું મો કરાવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કોલેજના કો-ઓર્ડિનેટર ડૉ. ભાવિકાબેન કામદાર દ્વારા કરવામાં આવેલ.

### ઓરિએન્ટેશન પ્રોગ્રામ :

ટિચર્સ ટ્રેનિંગ કોલેજ દ્વારા બેચ વર્ષ (૨૦૨૨-૨૪) માં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ D.Ed. Spl. Ed. (IDD) અભ્યાસ માટે વધુ સારી રીતે માહિતગાર બને તે હેતુથી તા. ૨૧ થી ૨૬ નવે.'૨૨ દરમિયાન એક ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના નિષ્ણાંત અને અનુભવી શિક્ષકો દ્વારા જુદા-જુદા વિષય પર વિદ્યાર્થીઓને જ્ઞાન સભર માહિતી આપેલ.

### ઈન્ટરનલ પરીક્ષા :

ટિચર્સ ટ્રેઈનિંગ કોલેજના પ્રથમવર્ષના વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૨૧-'૨૩ ની **ઈન્ટરનલ પરીક્ષા** તા. ૨૧ નવે. થી તા. ૨૬ નવે.'૨૨ યોજાયેલ.

### એજ્યુકેશનલ વિઝીટ :



નવા પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓ દરેક પ્રકારની વિકલાંગતાથી પરિચીત થાય તે ઉમદા હેતુ સાથે પી.એન.આર. સોસાયટી સંલગ્નિત દરેક સંસ્થાઓની મુલાકાત કરાવવામાં આવેલ, તેમજ દક્ષિણામૂર્તિ અધ્યાપન મંદિર ગિજુભાઈ પ્રેરિત ટેકરીવાળું બાલ-મંદિર વિગેરેની પણ **એજ્યુકેશનલ વિઝીટ** કરેલ.

# દિવ્યાંગોની સાફલ્ય ગાથાઓ

## ડૉકટર્સની ભૂલને કારણે હાથ ખરાબ થયો, ૧૨ વર્ષની વય સુધીમાં ૩ સર્જરી થઈ; હવે પેરા વર્લ્ડ ચેમ્પિયન બની

તમિલનાડુની મનિષા રામદાસનો હાથ જન્મ સમયે ડૉકટર્સની ભૂલને કારણે ક્ષતિગ્રસ્ત થયો. મનિષાએ ૧૨ વર્ષની વય સુધીમાં ૩ સર્જરીમાંથી પસાર થવું પડયું. તેમ છતાં તે સંપૂર્ણ પણે ફિટ થઈ શકી નહીં. તમિલનાડુના તિરુવલ્લુરની મનિષાએ આ ઘટનાને ભૂલવા રમતમાં ભાગ લેવાનું નક્કી કર્યું. હવે તે પેરા બેડમિન્ટનમાં વર્લ્ડ ચેમ્પિયન છે. તે પાંચમાં ધોરણમાં હતી ત્યારે બેડમિન્ટન રમવા લાગી હતી. કોર્ટ પર ૭ વર્ષની મહેનત બાદ તે રવિવારે એસયુ ૫ કેટેગરીમાં વર્લ્ડ ચેમ્પિયન બની. મનિષાએ મહિલા સિંગલ્સની એસયુ ૫ ની ફાઈનલમાં જાપાનની મામિકો ટોયોડાને ૨૧-૧૫, ૨૧-૧૫થી હરાવી હતી. તેણે કહ્યું કે, ''ઈજા ડૉકટર્સની બેદરકારીને થઈ હતી. જન્મ સમયે મને બહાર કાઢતા સમયે તેમણે મની જોરથી ખેંચી જેના કારણે જમણો હાથ ક્ષતિગ્રસ્ત થયો.'' મનિષા પોતાનો હાથ સીધો કરી શકતી નથી. ૪ વર્ષની વયે તેની સર્જરી થઈ હતી. આ સર્જરીઓએ તેને સ્વસ્થ થવામાં ૬૦ ટકા જેટલી મદદ કરી.

મનિષાએ ૨૦૧૯માં રાજ્ય સ્તરીય પેરા બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ડેબ્યૂ કર્યું. પરંતુ પછીના વર્ષે કોવિડને કારણે ટૂર્નામેન્ટ બંધ થઈ. તેણે ૨૦૨૧માં પેરા બેડમિન્ટન નેશનલ્સમાં સિંગલ્સ અને ડબલ્સ બંનેમાં ગોલ્ડ મેડલ જીત્યા. મનિષાએ કહ્યું કે, ''નેશનલમાં સારા પ્રદર્શનને કારણે મને રાષ્ટ્રિય સ્તરે ઓળખ મળી. મે સ્પેનિશ પેરા આંતરરાષ્ટ્રિયમાં સિંગલ્સ અને ડબલ્સમાં ગોલ્ડ જીત્યા. આ મારી પ્રથમ આંતરરાષ્ટ્રિય ટૂર્નામેન્ટ હતી. તેમાં જ મિક્સ્ડ ડબલ્સમાં બ્રોન્ઝ જીત્યો.''

**સૌ. : સૌરાષ્ટ્ર સમાચાર**

## વાહે ગુરૂ કી ખાલસા-વાહે ગુરૂ કી ફતેહ

અદાણી મેરેથોનની છઠ્ઠી સિઝનમાં ભારતીય સુરક્ષાદળોના ૧૫૦૦ જવાનો સહિત ૧૨૦૦૦ લોકોએ ભાગ લીધો. આ મેરેથોનની ખાસ વાત એ રહી કે, તેમાં ૨૦થી વધુ બ્લાઈન્ડ રનર (દ્રષ્ટિહીન દોડવીરો) નું ગ્રુપ પણ દોડયું હતું. જેમાંથી એક અમરજીતસિંહ ચાવલા હતા, જેઓ 'સ્પોર્ટી શીખ' તરીકે પણ ઓળખાય છે. દ્રષ્ટિહીન ૬૬ વર્ષિય અમરજીતસિંહની આ ૨૧૪મી મેરેથોન હતી. આ તમામમાં ૧૩૭ જેટલી હાફ મેરેથોન સામેલ છે. દ્રષ્ટિહીન હોવાને કારણે તેમને બે દોડવીરો દ્વારા એસ્કોર્ટ કરી રેસ પૂર્ણ કરવામાં મદદ કરાતી હોય છે. અમરજીતસિંહે અદાણી મેરેથોન ૩ કલાક ૧૨ મિનિટમાં પૂર્ણ કરી હતી. અમરજીતસિંહે મેરેથોન રનર બનવા વિશે કહ્યું કે, '૧૩ વર્ષની વયથી દ્રષ્ટિ નબળી પડવા લાગી અને ૪૦ વર્ષની વયે તો સંપૂર્ણ જતી રહી. જે પછી જીવનમાં કંઈ કરવાનું વિચાર્યું. ૪૮ વર્ષની વયે પ્રથમવાર મુંબઈ મેરેથોનમાં ભાગ લેવા આમંત્રણ મળ્યું, આ મેરેથોનમાં દિગ્ગજ કપિલદેવે અમુક અંતર સુધી મને એસ્કોટ કર્યું, આ ઘટનાએ જ મને મેરેથોનમાં આગળ વધવા માટે પ્રેરણા આપી. જે પછી સતત મેરેથોન દોડવાની ઈચ્છા વધતી ગઈ અને મને એસ્કોર્ટ કરનારા સેલેબ્સની યાદી પણ લાંબી થતી ગઈ.' અમરજીતસિંહે ૨૦૦૪માં દોડવાનું શરૂ કર્યું, તે વર્ષે જ તેઓ માઉન્ટેન કલાઈમ્બિંગ કરતા થયા. ૩ વર્ષ સુધી કૈલાશ માનસરોવર માટે મંજુરી રદ થયા બાદ, તેમને અંતે દોડમા પાસ પર ૧૯ હજાર ૮૩૦ ફૂટની ઊંચાઈએ પહોંચનાર પ્રથમ દ્રષ્ટિહીન બનવાની તક મળી. તેમણે કહ્યું કે, 'દ્રષ્ટિહીન હોવાનો અર્થ એ નથી કે તેઓ કંઈ નથી કરી શકતા. તેઓ ઘણું બધું કરી શકે છે. હું લોકોને માત્ર એટલું જ કહીશ કે તમે દ્રષ્ટિહીન પ્રત્યે દયા ભાવના ના રાખો અને તેમની મદદ કરતા રહો.'

**સૌ. : સૌરાષ્ટ્ર સમાચાર**

# ૧ થી ૩૧ ડિસેમ્બર '૨૨ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Gauttam Plastic - Rajkot | 31,000 |
| M/S. Fortune Virtue - Rajkot | 11,000 |
| Shri Virendra D.Sanghavi - Mumbai | 10,000 |
| Shri Nihchal Israni Foundation - Mumbai | 5,00,000 |
| Shri Sharadbhai Pravinbhai Rana - Bhavnagar | 5,001 |
| Shri Mahendra Jasvantlal Parekh Chari. Trust - Mumbai | 25,000 |
| Shri Rohit Chandulal Doshi - Mumbai | 5,000 |
| M/S. Ocean Crotech - Bhavnagar | 5,100 |
| Shri Mahasukhlal Kalyanjibhai Jakadia - Bhavnagar | 1,00,000 |
| Shri K.N.Shah Charitable Trust, C/O.National Color Chem.Corp. - Mumbai | 15,00,000 |
| Shri Varsha Prabodhbhai Mehta - Mumbai | 1,11,111 |
| Shri Madhubhai Dulerai Parekh - Mumbai | 1,00,000 |

### CSR Donation

| | Rs. |
|---|---|
| Shri Galiakotwala Engineering Co. Pvt. Ltd.-Mumbai | 36,00,000 |
| M/S. Akry Organics Private Limited - Mumbai | 11,50,000 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Shri Nanalal Bhavanbhai Patel Chari. Trust-Bhav. | 11,00,000 |
| Shri Jagdishbhai Dolatrai Patel - Ankleshwar | 2,00,000 |
| M/S. Tathastu Foundation - Ahmedabad | 1,00,000 |
| M/S. Rehan Jewels - Bhavnagar | 62,500 |
| Shri Stylex Foundation - Mumbai | 51,000 |
| Shri Gulabben Karshanbhai Bhakt - Surat | 50,000 |
| M/S. Jain Women's Organisation - Mumbai | 50,000 |
| Shri Jagdishbhai Dolatrai Patel - Ankleshwar | 42,000 |
| Shri Nitaben Bhupenbhai Vora - Porbandar | 40,000 |
| Shri Dhansukhbhai Navalbhai Tailor - Surat | 25,000 |
| Shri Bhupendreakumar Gandalal Nayee - | 24,808 |
| Shri Minalben Balvantrai Purohit - Mahuva | 20,000 |
| Well Wisher | 15,000 |
| Shah Shivani Girishchandra - Surat | 11,111 |
| Shri Taha Hakim S. Khambhati - Bhavnagar | 11,100 |
| Shri Urmilaben K. Sheth - Bhavnagar | 11,000 |
| Shri Raksha Hospitality | 11,000 |
| Shri Parulben Vinayakbhai Dodiya - Bhavnagar | 11,000 |
| Shri Gargi Shukla - Bhavnagar | 10,000 |
| Shri Sureshbhai Shah - Bhavnagar | 6,000 |
| Shri Nareshbhai Bachubhai Bhalgamiya - Bhavnagar | 5,100 |
| Shri Dhavalbhai Chandrakantbhai Sheth - Bhavnagar | 5,000 |
| Shri Nehal R. Gadhavi - Bhavnagar | 5,000 |
| Shri Kinjal Maheshkumar Vagadia - Bhavnagar | 5,000 |
| Shri Matli Murtuza Abdulkadar - Bhavnagar | 4,000 |
| Shri Bholani Ved Milanbhai - Bhavnagar | 2,500 |
| Shri Jaydevbhai K. Desai - Surat | 2,500 |
| Well Wisher | 2,500 |
| Shri Kabad Sanjaybhai - Bhavnagar | 2,100 |
| Shri Baraiya Laksh Gopalbhai - Bhavnagar | 2,100 |
| Shri Amishaben Raval - Surat | 2,001 |
| Shri Pankajbhai Ghetiya - Rajkot | 2,000 |
| Shri Parmar Vijaykumar Jayantilal - Bhavnagar | 2,000 |
| Shri Kevalbhai Pradyumanbhai Gohel-Bhavnagar | 2,000 |
| Shri Hardipbhai Jitubhai Kamliya - Bhavnagar | 2,000 |
| Shri Raj Jagdishbhai Gohel - Bhavnagar | 2,000 |
| Shri Hinaben B. Galtheria - Bhavnagar | 2,000 |
| Shri Jagdishbhai Bhavanbhai Dangar-Bhavnagar | 2,000 |
| Shri Parulben B. Pathak - Bhavnagar | 2,000 |
| Shri Prafulbhai Tejpalbhai Mota - Kachchh | 2,000 |
| Shri Dakshaben Pandya - Bhavnagar | 2,000 |
| Shri Golani Parth Mansukhbhai - Bhavnagar | 2,000 |
| Shri Pathan Zoya Hinaben - Bhavnagar | 1,551 |
| Shri Pritiben Malaybhai Bhuptani - Bhavnagar | 1,500 |
| Shri Rinaben Hiteshkumar Pujara - Bhavnagar | 1,500 |
| Shri Jankiben Subhashbhai Mehta - Bhavnagar | 1,200 |
| Shri Barad Ansuyaben Dhirubhai - Bhavnagar | 1,200 |
| Shri Narola Parth Arvindbhai - Bhavnagar | 1,000 |
| Shri Harshil Chetanbhai Dodiya - Bhavnagar | 1,000 |
| Shri Udaybhai Prafulbhai Rathod - Bhavnagar | 1,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Late Kalubhai Valjibhai Pithva - Bhavnagar | 7,000 |
| Shri Vijay Dwarkadas Parekh - Mumbai | 1,000 |
| Shri Binaben Doshi - Songadh | 1,000 |
| Shri Khushi Chiragbhai Vora - Bhavnagar | 6,000 |
| Shri Samast Gaud Samaj Gujarat - Ahmedabad | 15,000 |
| Shri Priyank D. Shah - Bhavnagar | 5,500 |
| Late Savitaben D. Pandya - Bhavnagar | 6,000 |
| Shri Dr. Hardik Khatri - Bhavnagar | 15,000 |
| Shri Bharti M. Dalal - Mumbai | 20,000 |
| Shri Meera Darshan Pandya - Bhavnagar | 1,00,000 |
| Shri Varshaben B. Balani - Bhavnagar | 5,000 |
| Shri Rameshchandra Keshavlal Shah - Valsad | 2,500 |
| Shri Dilipbhai (Manubhai) Hiralal Doshi - Mumbai | 5,000 |
| Shri Jitendra Ichhalal Shah - Bhavnagar | 15,000 |
| Shri Mukeshbhai Jayantilal Dave & Shardaben J. Dave - Bhavnagar | 8,000 |
| Shri Hiteshbhai Premjibhai Jadav - Bhavnagar | 6,000 |
| Shri Hemantbhai Niranjanbhai Kothari - Nasik | 10,000 |
| Shri Hemantbhai Niranjanbhai Kothari - Nasik | 4,000 |
| Shri Dhirajbhai Gutka - Mumbai | 1,100 |
| Late Madhuben Batukbhai Mojitra - Bhavnagar | 6,000 |
| Shri Megh Dhavalbhai Parekh - Bhavnagar | 6,000 |
| Shri Ashish Bhupendra Charitable Trust-Mumbai | 25,000 |
| Shri Shreyaben Rushabh Kumar Padaliya-Bhavnagar | 12,000 |
| Late Kishorbhai Girdharlal Mehta - Mumbai | 1,100 |
| Shri Prans Paritaben Bhaveshbhai Vaghani-Bhavnagar | 5,000 |
| Shri Upendrabhai Nagindas Parekh - Surat | 25,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Ploryclinic

| | Rs. |
|---|---|
| Shri Suhasini Shirishbhai Shah- Mumbai | 1,00,000 |
| Shri Shashikant Ratilal Vadhar-Bhavnagar | 25,000 |
| P N R Society - Bhavnagar | 10,000 |
| Shri Nanalal Bhavanbhai Patel CharitableTrust-Bhavnagar | 3,00,000 |





'અંકુર' સંસ્થાની મુલાકાતે પૂ. મોરારિબાપૂ...

# પી.એન.આર. સોસાયટી તસ્વીર સમાચાર



કર્મચારી પ્રોત્સાહક યોજના માટે ચેક અર્પણ...



લોઢાવાળા હોસ્પિટલને 'કેમ્પ' માટે ચેક અર્પણ...




આઉટ સ્ટેન્ડિંગ પ્રોફેશનલ વર્કરનો એવોર્ડ
પ્રાપ્ત કરતાં શ્રી જયપાલસિંહ 'અંકુર'




ધાબળા વિતરણ -
મહુવા રિસોર્સ સેન્ટર




રિજીયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાતે C.P. સ્કૂલના બાળકો...

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 ◆ Monthly
Date of Publication : 15 Jan.- 2023 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com